
આ ॥ દ ॥ ર ॥

સમર્પણ



પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રસ્થાન કરવામાં
મહાન ઉપકારક...સંયમ-જીવનની મહત્તા
સમજાવનાર...,સિદ્ધાંતના રહસ્યોનું
અવગાહન કરાવનાર...જ્ઞાનપ્રાપ્તિમા
અસીમ કૃપાની વૃષ્ટિ વરસાવનાર...
ચિરસ્મરણીય ઉપકારી
શાસનસમ્રાટ્..........અપ્રતેજોમૂર્તિ
પૂજ્યપાદ આચાર્યમહારાજાધિરાજ
શ્રી વિજયનેમિસૂરીશ્વરજી
મ. સાહેબના કર-કમલમાં
સાદર સમર્પણ.

આ. વિજયમેરૂપ્રભસૂરિ
ના
કોટિશઃ વંદના !

-: સંપાદકની કલમે :-

[illegible]

[illegible]

[illegible]

[illegible]

—: સંપાદકની કલમે :—

[illegible]......[illegible]......[illegible]...

ભક્તિમાર્ગથી વીતરાગ પરમાત્માનો [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] છે. [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] પૂ. [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] છે. તેમાં પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય[illegible]સૂરીશ્વરજી મ. સા.ના [illegible] [illegible] પૂ. આ. શ્રી વિજય[illegible]સૂરીશ્વરજી મ. સા. ની કલમે ભક્તિ-[illegible] [illegible] [illegible] [illegible] [illegible], તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને ઉપાદેયરૂપ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે! [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે!

પ્રસ્તુત પુસ્તકમાં વિવિધ [illegible]......

આગમ...ગ્રંથો...પુસ્તકોમાંથી સંગ્રહ.

—: સંપાદકની કલમે :—

ભક્તિપ્રધાન........ભક્તિતત્પર........ભક્તિવાત્સ્ય....

ભક્તિભાવથી ઓતપ્રોત ભાવનગરનો શ્રીસંઘ ખરેખર પ્રશંસા અને ધન્યવાદને યોગ્ય છે. તેની ભક્તિ, વૈયાવચ્ચ આદિ ગુણો અવર્ણનીય છે. ગચ્છ કે સમુદાયના ભેદભાવને તિલાંજલિ આપી કેવળ કર્મનિર્જરાર્થે કાળજી અને હૃદયના ઉલ્લાસપૂર્વક પૂ. શ્રમણવર્ગની વૈયાવચ્ચ--શુશ્રુષા અને ભક્તિ કરવા નિશદિન તૈયાર રહે છે, તત્પર રહે છે. તેમાં પણ છેલ્લા લગભગ ત્રણ વર્ષથી શાસનસમ્રાટ્ તપાગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવશ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર સિદ્ધાન્તવાચસ્પતિ પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ. સા. ની કરેલી ભક્તિ–વૈયાવચ્ચ કદિ ભૂલાય તેમ નથી, તે તો માનસપટમાં અંકિત થઈ ચૂકી છે. અનુમોદનીય અને ઉપાદેયરૂપ શ્રી સંઘનો મોટામાં મોટો ગુણ છે–'એકતા'–સંપ. આમ બાહ્ય અને અભ્યંતર ગુણોને લીધે આજદિન સુધી શ્રી સંઘ ઉત્કર્ષ ઉન્નતિના પંથે પ્રગતિ કરી રહ્યો છે! કૂદકે અને ભૂસકે વિકાસ સાધી રહ્યો છે!

પ્રસ્તુત પુસ્તકમાં વિવિધ સામાયિકો........

આગમ....ગ્રંથો....પુસ્તકોમાંથી સારરૂપ.

પ્રકાશકીય

નિ........વે........દ........ન

શ્રી જૈનશાસન સદા જયવંતુ વર્તે છે.


શાસનસમ્રાટ્ બાલબ્રહ્મચારી પૂજ્યપાદ આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર સિદ્ધાન્ત વાચસ્પતિ....ન્યાય વિશારદ પરમ પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ. સા.ના શિષ્ય શાસન પ્રભાવક પૂ. આ. શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણુંની પવિત્ર નિશ્રામાં—

શાસન પ્રભાવના........

ધર્મ આરાધના–અનુષ્ઠાનના કાર્યો ખૂબ ઉત્સાહ.... ઉમંગ....ઉલ્લાસભેર થાય છે.

પ્રસ્તુત પુસ્તકનું સંપાદન કાર્ય કરનાર

પૂ. મુનિ શ્રી માનતુંગવિજયજી મ. સા., સહકાર આપનાર પૂ. મુનિ શ્રી ચન્દ્રસેનવિજયજી મ. સા, પ્રેરણા કરનાર પૂ. મુનિ શ્રી ઈન્દ્રસેનવિજયજી મ. સા. તથ



પ્રસ્તુત પુસ્તકમાં ઉદાર સખાવત કરવાપૂર્વક શ્રુતજ્ઞાન-ભક્તિનો મહામૂલો લાભ લેનાર ભાગ્યશાળી શ્રીયુત જીવણલાલ ધારશીભાઈનો ટૂંક પરિચય—

ઝાલાવાડ જિલ્લામાં આવેલ સાયલા ઊર્ફે ભગતના નામથી પ્રખ્યાત ગામના તેઓ મૂળ વતની છે. પરંતુ છેલ્લા ઘણાં વર્ષોથી ભાવનગરમાં નિવાસ કરવા પૂર્વક ડબ્બાઓનો વ્યાપાર કરે છે.

પૂર્વના પ્રબળ પુણ્યોદયે સિદ્ધાન્તવાચસ્પતિ પૂ. આ. શ્રી. વિજયોદયસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પરોપ-કારપરાયણ પૂ. આ. શ્રી. વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય પૂ. મુનિ શ્રી માનતુંગવિજયજી મ. સા. ના સતત્ સત્સમાગમથી તેઓને જીવન જીવવાની સાચી દશા પ્રાપ્ત થઈ, ઉત્તરોત્તર ધર્મભાવનામાં વૃદ્ધિ થવા લાગી જ્યારે જ્યારે પૂજ્યશ્રીની પ્રેરણા થાય ત્યારે ત્યારે તેઓ શ્રુતજ્ઞાનભક્તિ, ગુરૂભક્તિ, આદિ અનેક શાસન પ્રભાવનાના કાર્યોમાં સારો લાભ લેતા, દરેક કાર્યનો 'તહત્તિ' કહેવા-પૂર્વક પુલકિત હૃદયે સ્વીકાર કરતા. સ્વ સંપત્તિને

ધ...ર્મ...પ...રા...ય...ણ



પારી જીવણલાલ ધારશીભાઈ

*   *   *   *

આત્મકલ્યાણકર વિચારણા

ક્યારે દેવ ચલાયમાન કરવા મિથ્યામતિ આપશે?
ને સમ્યક્ત્વ સુરત્નની અમ વિષે સાચી પરીક્ષા થશે;
ક્યારે પૌષધને અહી પ્રણુયથી સદ્દભાવના ભાવશું,
ને રામાંચિત થઈ તપસ્વી મુનિને ક્યારે પડિલાભશું?

卐 નમો નમઃ શ્રી ગુરૂ નેમિસૂરિયે 卐

卐

સિદ્ધાન્તવાચસ્પતિ પૂ. આ.

શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન
શાસનપ્રભાવક પૂ. આ. શ્રી વિજયમેરૂપ્રભ-
સૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય

પૂ. મુનિરાજ શ્રી માનતુંગવિજયજી

મ. સા. ની શુભ પ્રેરણાથી પુસ્તક પ્રકાશનમાં
આર્થિક સહાય આપનાર પુણ્યશાળીઓની

卐 શુભ નામાવલિ 卐



૧૦૦૦) શાહ જીવણલાલ ધારશીભાઈ પારી

૨૫૧) શાહ ચીમનલાલ છગનલાલ (સાબરમતી)


૧૨૫) શાહ ખાતે


૧૦૧) પાટણ નિવાસી (સ્વ.) શાહ સુંદરલાલ લહેરચંદ
(કનાસાનાપાડાવાળા)ના ધર્મપત્ની તારાબહેન
બાપુલાલનાસ્મરણાર્થે હ. સુશીલા બહેન

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૨	૧૪	આપ	આપે
૧૬	૧૬	પૂ૦ આ!	પૂ. આ.
૧૭	૪	કુદી	કૂદી
૨૧	૧૫	કમ	કર્મ
૨૨	૧૩	જેના	જેનો
૨૨	૧૯	પશ્ચાતાપ	પશ્ચાત્તાપ
૨૪	૨૧	કરાવ્યૂ	કરાવ્યું
૨૮	૧૪	જર્મે	જન્મે
૨૯	૩	તેથા	તેથી
૨૯	૮	શિરના	શિરનો
૩૧	૫	કરૂપોની	પુરૂપોની
૩૫	૪	તથી	તેથી
૩૭	૧૮	બંધનો	બંધનનો
૩૮	૮	સંગની	સંગના
૪૭	૧૮	જ આત્મા	જે આત્મા
૫૩	૨૦	દાષ્ટરાગ	દૃષ્ટિરાગ
૫૮	૨૪	આાજન	આજિન
૬૬	૬	પશ્ચાતાપ	પશ્ચાત્તાપ
૬૬	૮	જનું	જેનું
૬૬	૨૦	તવા	તેવા
૭૨	૬	આરાવત	ઐરાવત

અનુક્રમણિકા







ધ......મં....જુ....ષા

ॐ હ્રીં અર્હમ્ ઐં નમઃ ।।

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ॐ હ્રીં અ-સિ-આ-ઉ-સાય નમઃ ।।

સકલલબ્ધિનિધાનાય શ્રી ગૌતસ્વામિને નમઃ ।।

શાસન સમ્રાટ્ શ્રી નેમિ-ઉદયસૂરીશ્વર
સદ્ગુરૂભ્યો નમઃ

આ.....ત્મ.....બો.....ધ મં.....જુ.....ષા

મંગલાચરણ

卐 પ્રાતઃસ્મરણીય, પૂજનીય, વંદનીય અને પરમપદને આપનાર શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું ધ્યાન જીવને અગાધ સંસારરૂપી સાગર તરવાને માટે નૌકા સમાન છે.

卐 પ્રાતઃકાળે ચરમતીર્થપતિ શ્રી મહાવીર સ્વામી ભગવાનના પ્રથમ શિષ્ય અનંતલબ્ધિનિધાન, ગૌતમ ગોત્ર રત્ન શ્રી ગૌતમસ્વામીનું સ્મરણ કરવાથી વિઘ્નો નાશ પામે છે, અને મંગલની શ્રેણીઓ પ્રાપ્ત થાય છે.

卐 પ્રભાત સમયે શ્રી સરસ્વતીદેવીની આરાધના કરવાથી નિર્મળ અને મોક્ષના કારણભૂત સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

બીજું પરમસુખ નથી છતાં આશ્ચર્યની વાત છે કે જીવો તૃષ્ણાનો ત્યાગ કરતા નથી.

૯. બુદ્ધિનું ફળ તત્ત્વની વિચારણા કરવી, શરીરનો સાર વ્રતને ધારણ કરવું, ધનનો સાર સુપાત્ર દાન આપવું, અને વાણીનું ફળ મનુષ્યોને પ્રીતિકર બનવું તે છે.

૧૦. લક્ષ્મી અસ્થિર છે. યૌવન જોતજોતામાં વહી જાય છે, આયુષ્યનો કશો ભરોશો નથી, જીવિત યમરાજાની દાઢ વચ્ચે આવી રહેલ છે, છતાં પણ મનુષ્યોને પરભવનું સાધન કરી લેવામાં કેટલી બધી ઉપેક્ષા વર્તે છે ? અહો ! જીવોનું કેટલું બધું વિસ્મયકારી વર્તન છે.

૧૧. હે માનવ ! તારે સુખી થવું હોય તો સમજ કે સર્વ પાપનું મૂળ લોભ છે, વ્યાધિનું મૂળ લોલુપતા છે અને દુઃખનું મૂળ સ્નેહરાગ છે. સઘળા દુઃખના ઉપાદાન કારણભૂત આ ત્રણ વસ્તુનો ત્યાગ કરીને તું સુખી થા.

૧૨. ઈન્દ્રિયોનો અસંયમ એ આપત્તિનો માર્ગ કહેલો છે, ને તેનો વિજય એ સંપત્તિનો માર્ગ કહેલો છે, માટે તને જે માર્ગ રૂચે તે માર્ગે જા.

૧૩. ક્રોધાદિક ચાર કષાયો, પાંચ ઈન્દ્રિયોના ત્રેવીશ વિષયો અને અશનાદિક ચાર આહારનો ત્યાગ કરવામાં આવે તેને ઉપવાસ કહેવામાં આવે છે.

૧૪. કોઈ પણ પ્રાણી પાપ આચરણ ન કરો ! કોઈ પણ પ્રાણી દુઃખી ન થાઓ, અને જગત માત્ર રાગ

દ્વેષ રૂપી દ્વંદ્વથી મુક્ત થાઓ! આવી ઉ[illegible]
ભાવના-બુદ્ધિને શાસ્ત્રકાર મૈત્રીભાવ કહે છે, [illegible]
ખરેખર આદરવા યોગ્ય છે.

(શ્રી યોગશાસ્ત્ર

૧૫. સર્વ કોઇ પ્રાણી સુખ સમૃદ્ધિવંત થાઓ! સર્વ
કોઇ પ્રાણી રોગરહિત થાઓ! સર્વ કોઈ પ્રાણી
કલ્યાણની પરંપરા પામો! અને કોઇ પણ પ્રાણી
કર્મ ન બાંધો.

૧૬. અનાચારથી અનાચાર વધે છે, પણ સદાચારથી
અનાચાર ટળે છે.

૧૭. સમગ્ર પ્રાણીઓ ઉપર હિત બુદ્ધિ રાખવી [illegible]
મૈત્રી ભાવના, ઉત્તમ ગુણીજનો ઉપર તી[illegible]
ગુણાનુરાગ ધારણ કરવો તે પ્રમોદ ભાવના, મર
ણાદિક ભયથી આકુલ વ્યાકુલ થયેલા પ્રાણીઓ[illegible]
બચાવી લેવાની આંતરિક ઇચ્છા તે કરુણા ભાવ[illegible]
અને કોઇ રીતે સુધારી ન શકાય એવા બીજા[illegible]
દોષ તરફ રાગ-દ્વેષ રહિત મધ્યસ્થ પ[illegible]
રાખવા તેનું નામ ઉપેક્ષા (માધ્યસ્થ્ય) ભાવ[illegible]
કહેવાય. (આ પ્રમાણે ચાર ભાવના સંબંધી બાબતી

(અધ્યાત્મ કલ્પદ્રુમ

[illegible]

[illegible]

છે, ગુણનું આભૂષણ જ્ઞાન છે, ને જ્ઞાનનું આભૂષણ ક્ષમા છે.

જેમ ફળ સહિત વૃક્ષો નમે છે, તેમ ગુણોયુકત સજ્જન પુરૂષો પણ નમ્ર હોય છે. જેમ શુષ્ક કાષ્ઠ (સુકું લાકડું) અક્કડ રહે છે, તેમ મૂર્ખ મનુષ્યો પણ અક્કડ રહે છે.

૧. ચોવીસમા શ્રી મહાવીર પ્રભુએ સાડાબાર વર્ષ સુધી ઘોર તપશ્ચર્યા અને આત્મનિરીક્ષણ કરીને લોકાલોક પ્રકાશક કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

૨૨. દુર્જન પુરૂષને વિદ્યા વિવાદને માટે, ધન અભિમાનને માટે, અને શકિત બીજાના દુઃખ માટે થાય છે. જ્યારે સજ્જન પુરૂષને વિદ્યા જ્ઞાનને માટે, ધન દાનને માટે અને શકિત બીજાના રક્ષણને માટે થાય છે.

૨૩. વિદ્યાનો દંભ ક્ષણવાર સુધી રહે છે, ક્રિયાનો દંભ ત્રણ દિવસ ટકે છે, પૈસાનો દંભ એક મહિના સુધી રહે છે અને સ્ત્રીનો દંભ ત્રણ વર્ષ સુધી રહે છે.

૨૪. શરીરના મેલનો ત્યાગ કરવાથી માણસ નિર્મળ બનતો નથી, પરંતુ માનસિક મેલનો ત્યાગ કરવાથી અંતરથી નિર્મળ થાય છે.

૨૫. દૂધમાં ઘી, તલમાં તેલ, અરણીના કાષ્ઠમાં અગ્નિ, પુષ્પમાં સૌરભ, પત્થરમાં સુવર્ણ, શેરડીમાં ગોળ અને ચંદ્ર જ્યોત્સનામાં અમૃત જેમ અદૃશ્ય રૂપે રહેલા છે તેમ શરીરમાં આત્મા પણ અદૃશ્ય રૂપે રહેલો છે.

૨૬. સેંકડો યુગો ચાલ્યા જાય તો પણ કરેલા કર્મનો ક્ષય થતો નથી, પરંતુ બાંધેલા શુભ કે અશુભ કર્મો જીવને અવશ્ય ભોગવવા પડે છે.

૨૭. જે માણસનું ચિત્ત રાગાદિક વડે કરી કિલષ્ટ (મલીન) ભાવને પામેલું હોય, અસત્ય વચન વડે કરી મુખ મલીનતાને પામેલ હોય, તથા જીવોની હિંસાદિક કરવા વડે શરીર મલીનપણાને પામેલ હોય, તે માણસથી ગંગા (નદી) પણ વિપરીત મુખવાળી રહે છે.

૨૮. ટાંકી ખાલી તો કરવા માંડી પણ તેની સાથે આવકના નળ ઉઘાડા હોય તો ટાંકી ભરાઈ જાય છે તેમ આશ્રવ (પાપ) દ્વાર ખુલ્લા હોય તો કર્મ બંધાતા જાય છે, માટે પાપના દ્વાર બંધ કરો.

૨૯. જેમ સ્વામી વિનાનું સૈન્ય વૃથા ગણાય છે, તેમ દયાવિહીન દેવ-ગુરૂના ચરણ કમળની સેવા, તપ, ઇંદ્રિયોનું દમન, દાન, શાસ્ત્રનું અધ્યયન આ સર્વે નિષ્ફળ ગણાય છે.

૩૦. ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રતાનો નાશ કરે છે, અને લોભ સર્વ ગુણનો નાશ કરે છે. માટે એ ચારનો અવશ્ય ત્યાગ કરવો.

૩૧. (૧) ગૌતમ ગણધર ભગવંતનું દર્શન, (૨) ગર્વનો ત્યાગ, (૩) જિનેશ્વર મહારાજના ગુણગાન, (૪) ગુરૂ ભગવંતની ભક્તિ (૫) અન્ય ગુણોને વિષે અનુરાગ આ પાંચ [illegible] દુર્લભ હોય છે.

૩૨. જેમ ભૂમિકા સાફ કર્યા વિના ચિત્રામણ કરવામાં આવે તો તે નિષ્ફળ થાય છે, તેમ સંમતા વગર કરેલ સર્વ કરણી નિરર્થક થાય છે.

૩૩. જ્યાં ત્યાં, ગમે ત્યાં જાઓ, તથા પાતાળમાં પ્રવેશ કરો, તો પણ પૂર્વભવે ઉપાર્જન કરેલા કર્મો જીર્ણ (ક્ષીણ) નહિ થવાથી, આત્મ પ્રદેશોથી નાશ નહિ પામવાથી, આત્મા જ્યાં જાય ત્યાં તેના આગળ જ તે કર્મો ચાલે છે.

૩૪. મને વીર ભગવંત પ્રત્યે પક્ષપાત (રાગ) નથી અને કપિલાદિને વિષે મને દ્વેષ નથી. જેનું યુક્તિવાળું વચન છે તે વચન જ ગ્રહણ કરવા યોગ્ય છે.

૩૫. જેમ વૃક્ષના પોલાણની ખબર ન પડે તેમ માયાવી પુરૂષોના હૃદયની પણ ખબર ન પડે (માયાવી પુરૂષો આવા હોય છે.)

૩૬. અહો ! દાનનું કેટલું બધું ગૌરવ છે કે:–શ્રીમાન્ નાભિરાજાના પુત્ર ભગવાન શ્રી આદિનાથ મહારાજાએ વાર્ષિક દાનમાં ત્રણસો અઠયાસી ક્રોડ અને એંશી લાખ સુવર્ણ મહોર આપી. એવી રીતે દરેક તીર્થંકર મહારાજાઓ વાર્ષિક દાનમાં તેટલી સુવર્ણ મહોરોનું દાન કરે છે.

૩૭. વિનયનું ફળ ગુરૂની શુશ્રૂષા, ગુરૂસેવાનું ફળ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ, શ્રુતજ્ઞાન પ્રાપ્તિનું ફળ ત્યાગ, ત્યાગનું ફળ પાપનો નિરોધ, પાપના નિરોધનું ફળ સંવર, સંવરનું ફળ તપ, તપનું ફળ કર્મ

નિર્જરા, કર્મ નિર્જરાનું ફળ ક્રિયાની નિ
ક્રિયા નિવૃત્તિનું ફળ અયોગિપણું, અયોગિપ
ફળ ભવની (સંસારની) પરંપરાનો ક્ષય, અને
પરંપરાના ક્ષયનું ફળ મોક્ષ છે. માટે
કલ્યાણોનું મૂળ ભાજન વિનય છે.
(પ્રશમરતિ પ્રકરણ પૂ. વાચકવર્ય ઉમાસ્વાતિ

૩૮. (૧) વીતરાગ, (૨) તેમની વાણી, (૩) વ્રત, (૪)
ભગવંતને વંદન, અને (૫) વિમલાચલતીર્થ,
પાંચ 'વ'કારનું આરાધન કરવામાં આવે તો
મુક્તિના હેતુભૂત કહેલા છે.

૩૯. મનુષ્યપણું, શ્રેષ્ઠ વંશમાં જન્મ, ઉત્તમ વૈભ
દીર્ઘ આયુષ્ય, નિરોગીપણું, સન્મિત્ર, નિર્મળ બુ
સતી સ્ત્રી, તીર્થંકર ભગવંત પ્રત્યે અખંડ ભક્તિ
શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ, વિનય, ઇંદ્રિયનો જય, અ
સુપાત્રમાં દાન આપવાની રૂચિ. આ તેર ગુણ
ઉત્તમ (પ્રબળ) પુણ્ય સિવાય સંસારી જીવોને પ્રાપ્
થતા નથી.

૪૦. શ્રી જિનેશ્વર ભગવંતના ચરણકમળની ઉપાસન
વડે, જ્ઞાન અને ક્રિયાથી યુક્ત એવા સદ્ગુરુની
સેવા વડે, સ્વાધ્યાય, સંયમ, તપ અને વિનયા
વડે વિરલ પુણ્યશાળી જીવોના જ આ જગતમાં
દિવસો પસાર થાય છે.

૪૧. બીજા સ્થાનમાં કરેલું પાપ તીર્થસ્થાનમાં જવાથી
તે (પાપ) નાશ પામે છે. પરંતુ તીર્થક્ષેત્રમાં કરેલું

પાપ વજ્રના લેપ સમાન થાય છે. (તે પાપ સંસારની વૃદ્ધિ કરાવનાર થાય છે.)

૪૨. "તે મનુષ્યોને ધન્ય છે કે જે આ જગતના ક્લેશ સાગરને તરી ગયા. આ જગતમાં સંમોહ પેદા કરનારી તે મોહિની માતા છે એવી આ આશારૂપી સર્પિણીને જીતનારને ધન્ય છે."

૪૩. અનાચારી મનુષ્યનું સન્માન અને સદાચારી મનુષ્યની નિંદા, આ ભયંકર પાપ જીવને દુર્ગતિમાં લઇ જાય છે.

૪૪. મિત્રનો દ્રોહ કરનાર, ઉપકારી પ્રત્યે અપકાર કરનાર તથા ચોરી કરનાર અને વિશ્વાસઘાત કરનાર, આ ચારે જીવને અનેકવાર નરકમાં લઈ જાય છે.

૪૪.A દુનિયા મરણથી ડરે છે એ વાત નામનીજ છે તત્ત્વથી તો અનંત મરણ વધે એવી કાર્યવાહી બેફીકરથી ખુશી ખુશી થઈ કરે છે. એ આશ્ચર્ય છે.

૪૫. આજે (વર્તમાનમાં) ધર્મ નથી, સામયિક નથી, વ્રતપચ્ચક્ખાણ નથી, અને સદ્ધર્મ અનુષ્ઠાન સામગ્રી નથી, આવું જે બોલે તેને શ્રી શ્રમણસંઘે શ્રમણસંઘની બહાર કાઢવો.

(વ્યવહાર ભાષ્ય)

૪૬. રાજ્ય જાઓ, લક્ષ્મી જાઓ, તથા વિનશ્વર પ્રાણ જાઓ, પરંતુ પોતાના મુખેથી બોલેલી શાશ્વતી વાણી કદાપિ કાળે નિષ્ફળ ન જાઓ.

૪૭. પાણી વિનાનો મેઘ, આત્મા વિનાનું શરીર, સુગંધ

પોએ બોલેલું વચન અન્યથા (નિરર્થક) થતું નથી.

૫૨. (૧) શત્રુંજય, (૨) શિવપુર, (૩) શત્રુંજય નદી, (૪) શ્રી શાન્તિનાથ ભગવાન, અને (૫) શમને ધારણ કરનાર મુનિ ભગવંતોને સુપાત્ર દાન આ પાંચ 'શ'કાર દુર્લભ હોય છે.

૫૩. હે સાગર! તારો દોષ નથી, અમારા પૂર્વકર્મનો જ દોષ છે, તું તો રત્નોથી જ ભરેલો છે છતાં મેં અંદર હાથ નાંખ્યો તો હાથમાં દેડકો પ્રાપ્ત થયો.

૫૪. ધર્મની મહત્તા :—ધર્મથી વ્યાધિ નાશ પામે છે, ધર્મથી ભય દૂર થાય છે, ધર્મથી સુખની વૃદ્ધિ થાય છે, માટે જ્યાં ધર્મ છે ત્યાં જય છે.

૫૫. કદાચ પશ્ચિમ દિશામાં સૂર્ય ઊગે, પર્વતના શિખર ઉપર કમળ ખીલે, મેરૂપર્વત ચલાયમાન થાય, અને અગ્નિ શીતલતાને પામે, તો પણ ભાવિની કર્મરેખા મિથ્યા થતી નથી.

૫૬. આશ્રવનો (પાપનો) નિરોધ એજ સંવર. જે આશ્રવના ગરનાળાં ઉઘાડાં પડયા છે તે બંધ કરે તે સંવર છે. જે માર્ગે કર્મોનો પ્રવાહ ધોધ બંધ ચાલ્યો આવે છે, તેની સામે કર્મ પ્રવાહના બારણા બંધ કરી દે તેવા માર્ગો તે સંવર, આશ્રવોને પાપોને રોકવાનું પરમ સાધન સંવર છે.

૫૭. કાગડો કમળના વનને વિષે પ્રીતિ કરતો નથી, હંસ કૂવાના જળને વિષે પ્રીતિ કરતો નથી, મૂર્ખ મનુષ્ય સજ્જન પુરૂષના સંગને વિષે પ્રેમ કરતો નથી,

[illegible]

૫૯. મનુષ્ય એમ જાણે છે કે આ ઘર, (સ્ત્રી, પુત્ર, [illegible] ધન, ધાન્ય, વિગેરે સર્વ મારી [illegible] પણ તે મૂર્ખ સમજતો નથી કે આ સર્વ અહીં મૂકીને જ પ્રાણી પરલોકમાં એકલો જાય છે.

૬૦. "જે મુનિ જિન પ્રરૂપિત આગમને અનુસારે પ્રરૂપણા કરી જાણે તથા તીર્થને શુભ માર્ગે પ્રવર્તાવે [illegible] પ્રભાવક કહેવાય છે."

૬૧. "નીતિ શાસ્ત્રમાં નિપુણ એવા પુરૂષો નિંદા કરો અથવા સ્તુતિ (પ્રશંસા) કરો, લક્ષ્મી પ્રાપ્ત થાઓ અથવા ઇચ્છા મુજબ ચાલી જાઓ, આજે જ મૃત્યુ પ્રાપ્ત થાઓ અથવા બીજા યુગમાં મૃત્યુ થાઓ તો પણ ધીર પુરૂષો ન્યાયના માર્ગથી એક ડગલું પણ પાછા હઠતા નથી.

૬૨. સાધુઓનું દર્શન પુણ્યરૂપ છે, કેમ કે સાધુઓ જંગમ તીર્થરૂપ છે. સ્થાવર તીર્થ તો કાળે કરીને ફળદાયક થાય છે, પણ જંગમ તીર્થરૂપ સાધુઓ તો ડગલે ને પગલે ફળદાયી થાય છે.

૩. તપ અનેક ભવોમાં એકઠાં કરેલા કર્મોનો નાશ કરવા માટે સમર્થ છે.

૪. મહારંભ, મહાપરિગ્રહ વિગેરેથી અથવા મોહનીય કર્મના જોરથી અને કષાયોની પરિણતિથી આ પ્રાણીએ અનેક દુષ્કૃતો-પાપો એકઠાં કરેલા હોય છે, તે તપ દ્વારા ક્ષય કરે છે.

૬૫. જેનું ફળ મોક્ષ છે, એવા સુપાત્ર દાનને વિષે પાત્ર અને અપાત્રનો વિચાર કરવો, પણ દયા દાન (અનુકંપાદાન) કરવા માટે તો તીર્થંકર ભગવંતોએ કોઈપણ સ્થાને નિષેધ કર્યો નથી.

૬૬. સજ્જન પુરૂષો નિર્ગુણી પ્રાણીઓની ઉપર પણ દયા કરે છે, કેમ કે ચંદ્ર પોતાનો પ્રકાશ ચંડાલના ઘર ઉપરથી કાંઈ લઈ લેતો નથી, તે તો સર્વત્ર એક સરખો પ્રકાશ આપે છે, તેમ સજ્જન પુરુષો પણ ગુણી અને નિર્ગુણી મનુષ્યો આદિ સર્વના ઉપર દયા કરે છે.

૬૭. "જેવા તેવા (મૂર્ખ) માણસને ઉપદેશ આપવો નહિ, કેમ કે જુઓ! તેવો વિચાર કર્યા વિના ઉપદેશ આપવાથી મૂર્ખ વાંદરાએ સુઘરીને ઘર વિનાની કરી નાખી."

૬૮. આયુષ્ય ક્ષીણ થતું જાય છે, પાપબુદ્ધિ વધતી જાય છે, યુવાવસ્થા જાય છે છતાં પણ વિષય વાસનાઓ ઘટતી નથી, અને ઔષધ (દવા) કરવામાં પ્રયત્ન થાય છે પણ ધર્મને વિષે યત્ન થતો નથી, માટે હે પ્રભુ! મહામોહની અને વિડંબના છે.

૭૨. એક રાત્રિમાં શ્રી મહાવીર પ્રભુને વીશ પ્ર
ઉપસર્ગ કરનાર સંગમદેવ, કાલસૌરિક ક
કપિલા દાસી, અંગાર મર્દકાચાર્ય, બે
(પાંચસો મુનિને પીલનાર પાલક અને બીજો કૃ
પુત્ર પાલક), નો-જીવનો સ્થાપક, ગોષ્ઠામાહિલ
ઉદાયીરાજાને મારનાર વિનયરત્ન સાધુ આટલા
વર્તમાન ચોવીશીમાં અભવ્ય થયા છે.

૭૩. સમયે સુપાત્રદાન, સમ્યક્ પ્રકારે વિશુદ્ધ બોધિ
(સમ્યગ્દર્શન) તથા અંતે (મૃત્યુ સમયે) સ
મરણ આ ત્રણ વસ્તુઓ અભવ્ય જીવો પામતા

૭૪. ઇંદ્રપણું, ચક્રવર્તીપણું, પાંચ અનુત્તર વિમા
વાસ, લોકાંતિક દેવપણું, શલાકા પુરૂષ
નારદપણું, ત્રાયત્રિંશત દેવપણું, ચૌદ પૂર્વધરપ

કેવળી ભગવંત પાસે દીક્ષા તથા યક્ષ અને યક્ષિણી પણું અભવ્યજીવો પામતા નથી.

૭૫. જ્યાં જ્યાં ગુણ દેખાય ત્યાં ત્યાં રાગ કરો. તથા નિર્ગુણી કે દુર્ગુણી ઉપર દ્વેષ ન કરો. દરેક જીવ ઉપર સમભાવ રાખો.

૭૬. કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજા પાટણનગરને વિષે કુમારપાળ રાજાને ફરમાવે છે કે આ પૃથ્વી ઉપર જીવદયા જેવો બીજો કોઈ ધર્મ નથી, તેથી મનુષ્યોએ સર્વ પ્રયત્નથી જીવદયા પાળવી. કોઇ એક ગોવાળિયે બાવળના કાંટા ઉપર જૂ પરોવી હતી, તે પાપ વડે તે એકસોને આઠવાર શુળી ઉપર ચઢીને મૃત્યુ પામ્યો હતો. આ ઉપદેશ સાંભળી કુમારપાળ રાજાએ અઢાર દેશમાં જીવદયા પળાવી, પોતાના અઢાર લાખ ઘોડા, અગીયારસો હાથી, એંશીહજાર ગાયો, અને પચાસહજાર ઊંટોને ગાળીને પાણી પીવડાવવાની વ્યવસ્થા કરી હતી.

૭૭. "જે જે સમયે જીવ જે જે ભાવમાં પ્રવર્તે છે, તે તે સમયે તેવા તેવા શુભ કે અશુભ કર્મ બાંધે છે"

(શ્રી ઉપદેશમાળા)

૭૮. બીજાને દુઃખ થાય તેવું વચન સત્ય હોય, તો પણ બોલવું નહિ. તે વિષે લોકમાં એમ સંભળાય છે કે કૌશિક નામનો તાપસ તેવું વચન બોલવાથી નરકે ગયો.

૭૯. અન્યાયથી ઉપાર્જન કરેલું ધન દસ વર્ષ સુધી રહે

આચરણ કરનારા, ધર્મને જીવનમાં ઉતારનારા એજ પંડિત છે.

૬. સિકંદર જેવા મહાન સમ્રાટ્ને પણ આખરે આટલા યુદ્ધો કર્યાં બાદ પશ્ચાતાપ થયો. અને અંતિમ સમયે કહ્યું કે, મેં પ્રાપ્ત કરેલી અબજોની મિલ્કત, આટલું વિશાળ સૈન્ય, આટલા ધન્વંતરી વૈદ્યો આમાનું કોઈ પણ મૃત્યુ સમયે બચાવનાર ન થયું માટે મૃત્યુ આવ્યા પહેલા ધર્મનું શરણુ સ્વીકારી લો.

૭ મનની સ્થિરતા એ આત્માનું સુખ છે, અને મનની ચંચળતા એ આત્માનું દુઃખ છે.

૮. કીડીઓએ ભેગું કરેલું ધાન્ય, માખીઓએ ભેગું કરેલું મધ, અને કંજુસ મનુષ્યોએ એકઠી કરેલી લક્ષ્મી, તેનો ભોગવટો કોઈ બીજા જ કરે છે.

૯. જો એક જ કર્મથી આ જગતને વશ કરવાને તું ઈચ્છતો હોય તો પરનિંદા રૂપ ઘાસને ચરતી એવી તારી વાણીરૂપ ગાયને તેમાંથી નિવૃત્ત કર."

૧૦. દુષ્ટ મનુષ્ય, પાપી, ક્રુરકર્મ કરનાર, અને અનાચારમાં આસક્ત જીવોને તે જ ભવમાં પાપ ફળે છે.

૧૧. દાનના પાંચ દૂષણો :— (૧) દાન આપવામાં અનાદાર કરવો, (૨) વાર લગાડીને આપવું, (૩) આડું મોઢું કરીને આપવું, (૪) અપ્રિય વચનો બોલીને આપવું, અને (૫) આપ્યા પછી પશ્ચાત્તાપ કરવો. આ દાનના પાંચ દુષણો કહેલા છે.

[illegible]

૯૩ [illegible] મારો જન્મ હારી ગયો

૯૪ સંપત્તિમાં નિયમ, શક્તિને વિષે સહનશીલતા, યૌવન અવસ્થામાં વ્રત ગ્રહણ કરવું, અને દારિદ્ર અવસ્થામાં આપેલું અલ્પ દાન મહાલાભને માટે થાય છે.

૯૫. (૧) આરોગ્ય, (૨) બુદ્ધિ, (૩) વિનય, (૪) ઉદ્યમ અને (૫) શાસ્ત્ર ઉપર પ્રીતિ એ પાંચ આભ્યંતર કારણો મનુષ્યોના અભ્યાસની સિદ્ધિ કરનારા છે અને (૧) ભણાવનાર, (૨) પુસ્તક, (૩) નિવાસ, (૪) સહાય તથા (૫) ભોજનની વ્યવસ્થા એ પાંચ બાહ્ય કારણોથી વિદ્યા વૃદ્ધિ પામે છે.

૯૬. સુપાત્ર દાન, નિર્મળ શીલ, બાહ્ય અભ્યંતર બાર પ્રકારનો તપ, અને શુભ ભાવના-એ ચાર પ્રકારનો ધર્મ સંસારસાગર તરવામાં પ્રવહણ (નોકા) સમાન છે.

૯૭. દાન દારિદ્રનો નાશ છે, શીલ દુર્ગતિનો નાશ કરે છે. શ્રુતજ્ઞાન અજ્ઞાનનો નાશ કરે છે અને શુભ ભાવના ભવનો નાશ કરે છે.

૯૮. "ક્ષણવારમાં સર્વ વસ્તુઓ પર રાગ અને ક્ષણવારમાં દ્વેષ એ પ્રમાણે વાંદરા જેવી ચપળતા અજ્ઞાન વડે જ પ્રાણીઓ કરે છે."

૯૯. જે માતપિતાએ બાળકોને ભણાવ્યા નથી, તે માતપિતા વૈરી–શત્રુ સમજવા. કેમ કે હંસોમાં બગલાની જેમ તે અજ્ઞાની પુત્રો વિદ્વાનની સભામાં શોભતા નથી.

૧૦૦. 'મૂર્ખાઓને ઉપદેશ આપવો તે ક્રોધને માટે થાય છે, પણ શાંતિને માટે થતો નથી. કેમકે સર્પને દૂધ પાવાથી કેવળ ઝેરની જ વૃદ્ધિ થાય છે (ઉપદેશ-યોગ્ય પાત્રને જ આપવો).

૧૦૧. અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિત અને કીર્તિદાન, એ પાંચ પ્રકારના દાન છે. પહેલા બે પ્રકારના દાન મોક્ષને આપનાર છે પાછલા ત્રણ પ્રકારના દાન સાંસારિક સુખ આપનાર છે.

૧૦૨ દાનવીર જગડુશાહે દુકાળના સમયમાં વિસલ રાજાને આઠ હજાર મુંડા, હમીર રાજાને બાર મુંડા અને દિલ્હીના સુલતાનને એકવીશ હજાર ધાન્ય આપ્યું હતું.

(આ દૃષ્ટાન્તથી અનુકમ્પા–દયા આપના જી ઉતારવાની છે.)

૧૦૩. જેમ કાગડાઓ સર્વત્ર કાળા જ હોય છે, ? સર્વત્ર લીલા જ હોય છે. તેમ પુણ્યશાળી અ

સમૂહને હણે છે, તેમ ક્રોધ કોટિપૂર્વવડે ઉપાર્જન કરેલા સુકૃતનો પણ એક ક્ષણમાં નાશ કરે છે."

૧૧૧. "દેહ રૂપી કેદખાનામાં ચાર કષાય રૂપી ચાર ચોકીયાત જ્યાં સુધી સમીપમાં જાગતા રહેલાં છે, ત્યાં સુધી મનુષ્યોને મોક્ષ ક્યાંથી થાય ?

૧૧૨. ભાવની મહત્તાઃ—
"ભાવ વિના દાન કરવાથી દ્રવ્યની હાની થાય છે, ભાવ વિના તપ કરવાથી ક્ષુધાની પીડાજ સહેવાય છે, અને ભાવ વિનાના શીલવ્રતથી ફક્ત કાયાને જ કલેશ થાય છે, તે વિના બીજું કાંઈ ફળ થતું નથી. થોડું પણ ધર્મ અનુષ્ઠાન જો ભાવની વિશુદ્ધિપૂર્વક કર્યું હોય તો કર્મબળને હણે છે, કેમકે નાનો ઉદય પામતો સૂર્ય પણ અંધકારના સમૂહને હણે છે.

૧૧૩. જેમ જેમ માણસને લાભ થાય છે, તેમ તેમ લોભ વધે છે. લાભથી લોભ વૃદ્ધિ પામે છે, કેમકે બે માસા સુવર્ણનું કામ હતું, છતાં કરોડ સોનામહોરથી પણ ઇચ્છાઓ પૂર્ણ થઈ નહિ. અહો ! લોભરૂપી સાગર દુસ્તર છે.

૧૧૪. કોણ કોનાથી હર્ષ પામે છે ? :—
"બ્રાહ્મણો ભોજનથી હર્ષ પામે છે, મયૂર મેઘની ગર્જનાથી હર્ષ પામે છે, સાધુઓ પરના કલ્યાણથી હર્ષ પામે છે, અને દુર્જન પુરૂષો બીજાની આપત્તિ જોઈને હર્ષ પામે છે."

૧૧૫. "કર્મનું જ પ્રધાનપણું છે, તેમાં શુભ ગ્રહો પણ શું કરી શકે ? કેમકે વસિષ્ઠ ઋષિએ આપેલા રાજ્યા-

૫. કામ સમાન કોઈ વ્યાધિ નથી, મોહ સમાન કોઈ શત્રુ નથી, ક્રોધ સમાન કોઈ અગ્નિ નથી, અને સમ્યગ્જ્ઞાન સમાન કોઈ સુખ નથી.

૬. ગામ ન હોય તો સીમા ક્યાંથી હોય ? પત્ની ન હોય તો પુત્ર ક્યાંથી હોય ? બુદ્ધિ ન હોય તો તો વિદ્યા ક્યાંથી હોય ? અને ધર્મ ન હોય તો સુખ ક્યાંથી હોય ?

૭. ચંદ્ર રાત્રિનો દીપક છે, સૂર્ય દિવસનો દીપક છે, સુપુત્ર કુળનો દીપક છે, અને ધર્મ એ ત્રણ લોકમાં દીપક છે.

૩૮. મલિનપણાને ધારણ કરવું તે સરળ છે, દુષ્કર તપ કરવું એ પણ સુલભ છે, અને ઇંદ્રિયોને રોકવી તે પણ સહેલું છે, પણ ચિત્તનો નિરોધ કરવો તે જ દુષ્કર છે.

૩૯. (૧) યૌવનપણું, (૨) ધનસંપત્તિ, (૩) પ્રભુત્વપણું અને (૪) અવિવેકપણુ આ એક એક પણ અનર્થને માટે થાય છે, તો આ ચારે ભેગા થાય ત્યારે તો પૂછવું જ શું ?

૪૦. ઇંદ્રિયોમાં રસનેન્દ્રિય, કર્મોમાં મોહનીય કર્મ, વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત, અને ગુપ્તિમાં મન ગુપ્તિ, આ ચારે જીતવી બહુ દુષ્કર છે.

૪૧. અલંકાર :–
અહિંસા સમાન કોઈ ધર્મ નથી, સંતોષ સમાન

ભૂષણ–આભૂષણ :–
વાણીનું ભૂષણ સત્ય છે, વિદ્યાનું ભૂષણ ત્યાગ છે, અને ધર્મનું આભૂષણ મોક્ષ છે, તેમ લક્ષ્મીનું આભૂષણ દાન છે.

લક્ષ્મી મેળવવામાં દુઃખ, લક્ષ્મી મેળવ્યા પછી તેનું રક્ષણ કરવાનું દુઃખ, લક્ષ્મી આવે તો દુઃખ અને જાય તો પણ દુઃખ, તેથી લક્ષ્મી એ દુઃખનું ભાજન છે.

શરીર ગળીગયું હોય, મસ્તકે સફેદ વાળ આવી ગયા હોય, દાંત પડી ગયા હોય કાને સંભળાતું ન હોય, આંખે દેખાતું ન હોય, શરીર ધ્રૂજતું હોય, પગે ચાલી શકાતું ન હોય (લાકડીના ટેકાથી ચાલવું પડતું હોય) તો પણ મનુષ્યો આશા (તૃષ્ણા) અને લોભરૂપી પિંડને છોડતા નથી. એજ ખરેખર આશ્ચર્યની વાત છે,

હિતકારી, મર્યાદિત, પ્રિય, કોમળ, મધુર, અને પરિણામે પ્રિય થાય એવી વાણી હંમેશા પ્રાણીઓએ બોલવી જોઈએ.

જેમ મનુષ્ય સુંદર આંખવાળો હોવા છતાં, પણ દીવા વિના તે વસ્તુને જોઈ શકતો નથી તેમ ગુણના સમુદ્ર સમાન ગુરૂ વિના વિચક્ષણ પુરૂષો પણ ધર્મને જાણી શકતા નથી.

ગુરૂ કોને કહેવાય ? :–
ધર્મને જાણનારા, ધર્મને કરનારા, સદા ધર્મમાં પ્રવર્તનારા, અને પ્રાણીઓને ધર્મશાસ્ત્રનો સત્પ્રરૂપણા

મસ્તકે મસ્તકે બુદ્ધિ ભિન્ન હોય છે, કુંડે કુંડે પાણી જુદું હોય છે, અને મુખે મુખે વાણી પણ જુદી હોય છે, તેથી માણસોના સમુદાયમાં એકમતવાળા (સમાન વિચારવાળા) કયાંથી હોય ?

વિચાર કરો:–
મહાન પુરૂષોને પણ કલ્યાણકારી પ્રવૃત્તિમાં ઘણા વિઘ્નો થાય છે, પરંતુ અકલ્યાણકારી પ્રવૃત્તિ કરનારા મનુષ્યોને કોઈ પણ ઠેકાણે વિઘ્નો થતા નથી.
(કલ્યાણકારી પ્રવૃત્તિ કરનારાને પુણ્યબંધ અને કર્મ નિર્જરા થાય છે અને અકલ્યાણકારી પ્રવૃત્તિ કરનારાને પાપબંધ અને કર્મઆશ્રવ થાય છે).

કોનો જન્મ સફળ થાય છે. ?
લક્ષ્મી વિવેકવડે, બુદ્ધિ શ્રુતજ્ઞાનવડે, શક્તિ સમતા-વડે, પ્રભુતા ન્યાયવડે, અને શ્રદ્ધા-ધર્મ સાથે મેળવીને કરે છે, તે ધન્ય પુરૂષનો જન્મ સફળ થાય છે.

. સૂર્ય ઉદય સમયે અને અસ્ત સમયે લાલ હોય છે, તેમ સંપત્તિમાં અને વિપત્તિમાં મહાપુરૂષો સમાન હોય છે. (એકરૂપ હોય છે)

૩. જેવું ચિત્તમાં, તેવું વાણીમાં. જેવું વાણીમાં તેવું ક્રિયામાં (આચરણમાં) હોય છે તે ત્રણે જેઓને હોય છે, તે ધન્ય પુરૂષને કોઈપણ ઠેકાણે વિસંવાદ થતો નથી.

૪. જન્મનું દુઃખ, જરાનું દુઃખ, અને મૃત્યુનું દુઃખ

કરે છે કે જ્યાં સુધી મારો મોક્ષ ન થાય, ત્યાંસુધી મને આટલી વસ્તુ ભવોભવ મળવી જ જોઈએ. (વસ્તુપાળ મંત્રીની અંતિમ ભાવના) (૧) શાસ્ત્રનો અભ્યાસ, (૨) જિનેશ્વર ભગવંતના ચરણકમળની સેવા, (૩) પૂજ્ય પુરૂષોની સોબત, (૪) સદાચારી પુરૂષોના ગુણોના સમુદાયનું કીર્તન, (૫) બીજાના દોષો કહેવામાં મૌન, (૬) દરેકને પ્રત્યે હિત તથા પ્રિય વચન બોલું અને (૭) આત્મતત્ત્વની ભાવના.

. કુ-સંસ્કાર :—

કુ-સંસ્કારનું બીજ રાગ અને દ્વેષ છે, કુ-સંસ્કાર મોહને લીધે ઉત્પન્ન થાય છે, જન્મ અને મરણની મૂળ જડ કુ-સંસ્કાર છે; જન્મ અને મરણ દુઃખરૂપ છે. એમ આપ્ત પુરૂષો (તીર્થંકર ભગવંતો) કહે છે.

.. નિમિત્ત માત્ર જ છે !

સર્વ આત્માઓ પૂર્વમાં કરેલા પોતાના શુભ કે અશુભ કર્મોના અનુસારે જ સુખ કે દુઃખોના ફળનો વિપાક પ્રાપ્ત કરે છે. અપરાધમાં કે ગુણમાં અન્ય તો નિમિત્ત માત્ર જ છે. !

૩. વિરલ:—

ગુણ વિનાના પુરૂષો ગુણી પુરૂષોને ઓળખતા નથી, ગુણી પુરૂષો ગુણીઓને વિષે દ્વેષ ભાવને ધારણ કરનારા હોતા નથી. પરંતુ સ્વયં ગુણી હોવા છતાં બીજાના ગુણને ગ્રહણ કરનાર સરળ પુરૂષો તો વિરલ જ હોય છે.

જ નામ નિંદા કહેવાય છે. અને તે (નિંદા)
મોક્ષમાર્ગને અનુસરનારાએ કદિ કરવી જોઇએ નહિ.

. ગુણના રાગથી ગુણની પ્રાપ્તિ :-
સૌકોઈ ઘંઉ અને કાંકરા બન્ને ભેગા હોવા છતાં
કાંકરાને કાઢીને ઘઉંજ ગ્રહણ કરે છે, તેમ દોષને
ગ્રહણ ન કરતા, ગુણને જ ગ્રહણ કરતાં શીખો
ચાલણી સાર વસ્તુને ફેંકી દેછે, ને અસારને ગ્રહણ
કરે છે સુપડું સાર વસ્તુને ગ્રહણ કરે છે ને અસાર-
ને ફેંકી દે છે . આ બન્નેમાંથી સુપડા જેવા થવું,
દરેકના જીવનમાંથી સારભૂત ગણુતા ગુણોને જ
ગ્રહણ કરો અને અસારભૂત ગણાતા અવગુણો છોડી દો
કારણ કે ગુણના રાગથી ગુણની પ્રાપ્તિ થાય છે.

૦. આનંદ અને ખેદ :—
સંપત્તિમાં આનંદ ન માનવો, કારણકે તે પૂર્વના
પુણ્યનો નાશ કરે છે, અને આપત્તિમાં ખેદ ન કરવો
કારણ કે તે પૂર્વના પાપનો નાશ કરે છે.

૮૧ અજ્ઞાની મનુષ્યો પાપનું આચરણ પ્રયત્નવડે કરે છે.
અને ધર્મને આચરતા નથી. ખરેખર જગતમાં
આશ્ચર્ય છે કે અજ્ઞાની મનુષ્યો દૂધનો ત્યાગ
કરીને ઝેર પીવે છે.

૮૨. આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, અગ્નિ બાળી
શકતો નથી, પાણી ભીંજાવી શકતું નથી અને પવન
સૂકાવી શકતો નથી (આત્મા અવિનાશી છે).

અને જ્યાં બધા પોતાનું મહત્ત્વ ઈચ્છે છે; તે સમુદાય નાશ પામે છે.

ઉનાળાના તડકાની સેંકડો જ્વાળાઓ વડે હું સૂકાઈ જઈશ અને તેની તડકાઓ વડે આકુલ-વ્યાકુલ થયેલ આ મુસાફરોની હારમાળા ક્યાં જશે ? એવી જેને ચિંતા રાત દિવસ લાગી છે, (એવા નિરંતર આધિ-મનની ચિંતાઓ વડે હંમેશ જેનું શરીર સૂકાય છે, એવા રસ્તામાં રહેલા આ સરોવરનું જીવન ધન્ય છે, અને જળનો સંગ્રહ કરનાર આ સમુદ્રને ધિક્કાર છે. ઉદાર–દાનવીર મનુષ્યની લક્ષ્મી સરોવરના જીવન જેવી છે અને કંજૂસ મનુષ્યની લક્ષ્મી સમુદ્ર જેવી છે.

૯. લોભી મનુષ્ય પેટ બાળીને જમે છે, અને ધનને જમીનમાં દાટે છે, ફાટયું લુગડું હોય તો સાંધીને પહેરે છે, પછી તે કહે મારી પાસે નથી. મને હમણાં આપો. પોતે મેળવેલા ધનનો ખર્ચ કરતો નથી પછી લક્ષ્મીની મૂર્છાથી મરીને તે સર્પ થાય છે.

૦. જેમ મન વિનાનું મળવું નકામું છે, તેમ ભાવ વિનાની આરાધના પણ નકામી છે.

૧ જેમ પંખીઓ સરોવરમાં પાણી પીવા સ્વયં જાય છે. જેમ હજારો ગાયોમાં વાછરડું પોતાની માતાને સ્વયં ઓળખી કાઢે છે, તેમ પૂર્વનું કર્મ (શુભ કે અશુભ) કરનારની પાછળ ચાલ્યું આવે છે.

૯૨. જીવોનું સારૂં કે ખરાબ પોતાના કર્મથી જ થાય છે

૨. જ્યાં સુધી જીવ સમ્યક્ત્વ રત્નને નથી પામ્યો, ત્યાં સુધી નિજગુણ રમણતા વધતી નથી. જેમ પાણી વિના વૃક્ષો સૂકાઈ જાય છે, તેમ સમ્યક્ત્વ વિના જ્ઞાન દર્શન ચારિત્ર અને તપ વિગેરે ગુણો વૃદ્ધિ પામતા નથી, પણ કરમાઈ જાય છે.

૩, મહાન પુણ્યોદયે મનુષ્યજન્મ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ દીર્ઘઆયુષ્ય, નિરોગી શરીર, પાંચે ઇંદ્રિયોની પટુતા, અને ઉત્તમ દેવ ગુરૂ ધર્મની આરાધના કરવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે. માટે પ્રમાદનો ત્યાગ કરીને અને સંસારની અસારતા વિચારી, સર્વ વસ્તુઓ ઉપરનો મોહ ઘટાડી આત્મહિત સાધી લો.

૪. ભય-નિર્ભય :—

ભોગમાં રોગનો ભય છે, સુખમાં નાશનો ભય છે, ધનમાં અગ્નિ અને રાજાનો ભય છે. દાસપણામાં શેઠનો ભય છે, ગુણમાં દુષ્ટ પુરૂષોનો ભય છે. વંશમાં (કુળમાં) દુર્જન સ્ત્રીનો ભય છે, માન-પ્રતિષ્ઠામાં મલીનતાનો ભય છે, બળમાં દુશ્મનનો ભય છે, અને શરીરમાં યમરાજાનો ભય છે. આ દુનિયામાં મનુષ્યોને મળેલી સર્વ વસ્તુઓ ભયથી ભરેલી છે. ફક્ત વૈરાગ્ય જ એક નિર્ભય છે.

૫. સમ્યક્ત્વ શુદ્ધ હોય છે :—

શ્રી સંઘ પર, તીર્થંકર ભગવન્ત પર, આચાર્ય ભગવન્તો પર, મુનિ ભગવંતો પર, અને ગુણીજનો પર જેમનું બહુમાન હોય, તેમનું સમ્યક્ત્વ નિશ્ચય શુદ્ધ હોય છે.

[illegible]

૨૧૮. શુષ્ક જ્ઞાની :

[illegible] [illegible] જ્ઞાનીઓ સારા પંડિત તો [illegible] [illegible] છે, [illegible]
પણ માત્ર જ્ઞાનના [illegible] [illegible] [illegible] [illegible]
કાર્યોનો ત્યાગ અને શુભ કાર્યોનો આદર નથી તે
જ્ઞાનીને શુષ્કજ્ઞાની કહેવામાં આવે છે.

(ઉપા. શ્રી યશોવિજયજી મ. [illegible]

૨૧૯. જિનબિંબ અને જિનઆગમની મહત્તા :—

જીવ મમત્વ ભાવે મોહને વશ પડી અવળા માર્ગે
અટવાઈને ભવ અટવીમાં ભૂલો પડ્યો છે, તેમાં[illegible]
બચાવવા અને સન્માર્ગે વળવાનો સાચો ઉપાય કોઈ
પણ હોય તો જિનબિંબ અને જિનઆગમ છે[illegible]
માટે ધર્મ આરાધન કરો.

મેઘતુલ્ય છે, ઉત્કૃષ્ટ નિધાન છે, અમૃતનો ઝરો છે, સુખનો સમુદ્ર છે, આનંદની પરિસીમા છે, બંધની સાંકડી છે, વાંછિત પૂરવામાં કલ્પવૃક્ષ સમાન છે, પુણ્યનો ભંડાર છે, શંકાનો નાશ કરનાર છે, કુબુદ્ધિને ટાળનાર છે, સુબુદ્ધિને વધારનાર છે, વિવેકનો ઉદય કરનાર છે, સદ્‌ગુણનો ભંડાર છે, સ્વર્ગની નિસરણી છે, તેમજ મુક્તિપુરીનો માર્ગ છે. જ્ઞાન વિના મનુષ્ય પશુસમાન છે માટે સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે

સુપાત્રદાન :-

વ્યાપાર નું ફળ લક્ષ્મી છે, લક્ષ્મી પામ્યા નું ફળ સુપાત્રમાં સદ્‌વ્યય કરવો. જેમ કાળી ભૂમિમાં વાવેલ ઉત્તમ બીજ અઢળક ફળ આપનારૂં બને છે. તેમ સુપાત્રમાં વાપરેલુ ધન મોક્ષ સુધીના અનંત સુખો આપનાર બને છે.

સુપાત્રદાનનો મહિમા :-

ન્યાય નુ ધન સુપાત્રમાં જોડવાથી, શુભ પુણ્ય ઉત્પન્ન થાય છે, એ શુભ પુણ્ય આ લોકમાં અને પરલોકમાં સુખ યાવત્ મોક્ષસુખ આપે છે. જુઓ એક લાખ બ્રાહ્મણ જમાડનાર ધનાઢય બ્રાહ્મણનો કારભારી જૈન હતો અને નિર્ધન હતો, તેને ત્યાં કામ કરતાં, પોતાને મળેલી રસોઈનો સુપાત્રમાં ઉપયોગ કરવાથી મરીને પ્રથમ દેવલોકમાં દેવ થયો ત્યાંથી બાકી રહેલા પુણ્યથી આયુપૂર્ણ કરીને શ્રી શ્રેણિક મહારાજાના પુત્ર નંદિષેણ થયા, અને અનુક્રમે તે સિદ્ધિપદને પામશે।

૨૩૦. કિંમત :-

શીલ અને ચારિત્ર્યથી જ મનુષ્ય જીવનની સાચી કિંમત અંકાય છે.

૨૩૧. શીખો :-

જીવનમાં ત્યાગ કરતાં શીખો, દાન આપતાં શીખો બીજાને દુઃખી જોઈ દયા કરતાં શીખો તો જ તમ સાચી શાંતિ મળશે.

૨૩૨. સજ્જન અને દુર્જન :-

વીંછી નદીમાં પડેલો છે, તેનું રક્ષણ કરવા પરોપકાર પુરૂષ નદીમાં ઉતરે છે. ને પછી બીજીવાર હાથ ઉપ લઈને રક્ષણ કરે છે ત્યારે બીજીવાર ડંખ મારે છે તો પણ તેનું રક્ષણ કરે છે. પછી હાથ ઉપર છટકી જાય છે પણ ત્રીજીવાર ડંખે છે. તો પ સજ્જન પુરૂષ પોતાની સજ્જનતા અને પરોપકા પણાને છોડતા નથી પછી તે વીંછી સાચવી જાળવણીપૂર્વક બહાર મૂકી તેને બચાવે છે. ડં મારનો એ દુર્જનનો સ્વભાવ છે અને પરોપકા કરનો એ સજ્જન પુરૂષોનો સ્વભાવ છે.

૨૩૩. તારે છે :-

સમુદ્રમાં ડૂબતા પ્રાણીઓને નૌકા જેમ તારે છે, તે સંસાર સાગરમાં ડૂબતા પ્રાણીઓને ધર્મરૂ જહાજ તારે છે.

૨૩૪. શ્રી જિનવાણી શ્રવણના લાભ :-

શ્રી જિનવાણી સાંભળવાથી જીવાદિ નવ તત્વોનો

બોધ થાય અને યથાર્થ બોધ થતાં, હેયનો ત્યાગ કરીને અને ઉપાદેયમાં આદર કરીને અંતે સકલ કર્મનો ક્ષય કરી જીવો શાશ્વત સુખ પામે. તેટલા માટે શ્રી જિનવાણી સાંભળવાની સદાં રૂચિ રાખવી જોઈએ. શ્રી જિનવાણી સાંભળવાથી, સદ્ગુરૂના સમાગમથી પ્રદેશી રાજા નાસ્તિક શિરોમણી હતો છતાં આસ્તિક શિરોમણિ બની ગયો. અને રોહિણીયો ચોર નરકનો અતિથિ એ સ્વર્ગનો મહેમાન બની ગયો શ્રી જિનવાણી શ્રવણનો આ અચિંત્ય પ્રભાવ છે.

૩૫. વિચારો :–

જગતના પદાર્થો અસ્થિર, ક્ષણિક છે, દેહ નાશવંત છે, યુવાની પર્વતની નદી સમાન છે, લક્ષ્મી સ્વભાવે અસ્થિર છે, સ્વજન સંબંધીઓનો સંગ વિજળીના ઝબકારા સમાન છે, વૈભવ શાશ્વત ટકવાવાળો નથી, પરિજન સ્નેહ ધ્વજના અગ્રભાગ સમાન છે અને ભૌતિક સુખ સમુદ્રના તરંગ સમાન ચંચળ છે. માટે આત્મ સાધન કરી લો.

૩૬. ધર્મ થાય નહિ :–

જીવવધ એ નરકગતિને આપનાર છે. સૂર્ય કદાચ પશ્ચિમમાં ઉગે, દિવસ રાત્રિ બની જાય કે રાત્રિ દિવસ બની જાય તો પણ જીવઘાતથી ધર્મ થાય નહિ.

૨૩૭. ધર્મ ન છોડો :–

સિંહ મરી જાય તો પણ ઘાસ ન ખાય, સુખડ તાપથી તપે પણ પોતાની સુગંધ ન ત્યાગે, પ્રતાપી

[illegible] આત્માનો [illegible] છે, [illegible]
ન [illegible], ન [illegible]. [illegible]
[illegible].

૨૩૮. નથી :–
વિષય જેવો બીજો કોઈ વ્યાધિ નથી, મોહ જેવો બીજો કોઈ શત્રુ નથી, ક્રોધ સમાન બીજો કોઈ અગ્નિ નથી, અને જ્ઞાન સમાન બીજું કોઈ સુખ નથી. (સુખ નથી).

૨૩૯. દાન–શીલ–તપ અને ભાવ :–
દાન ધર્મથી પરિગ્રહ સંજ્ઞા ઉપર કાબૂ મેળવાય છે, શીલ ધર્મના પાલનથી મૈથુન સંજ્ઞા ઉપર કાબૂ મેળવાય છે, તપ ધર્મના સેવનથી આહાર સંજ્ઞા ઘટે છે, અને ભાવ ધર્મના આરાધનથી કોઈ પણ જાતનો ભય રહેતો નથી

૨૪૦. ચાર સંજ્ઞા :–
જીવને સંસારમાં રખડાવનાર (૧) આહાર, (૨) ભય (૩) મૈથુન, અને (૪) પરિગ્રહ આ ચાર સંજ્ઞાએ મુખ્ય છે.

૨૪૧. જ્ઞાનદાન :–
જ્ઞાનનું દાન કરવાથી બીજા જીવો કર્મબંધ અ મોક્ષનું સ્વરૂપ સમજી શકે છે, તેમજ રાગ દ્વે અને મોહ દૂર કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મો સુખને પામી શકે છે.

૨૪૨. જ્ઞાન પ્રાપ્તિનું ફળ :—
જ્ઞાનથી પુણ્ય અને પાપ જાણી શુભ કાર્યોમાં પ્રવૃ કરે છે અને અશુભ કાર્યોમાંથી નિવૃત્તિ કરે છે. શ

કાર્યોના આચરણથી જીવ મોક્ષ અને સ્વર્ગ તથા અશુભ કાર્યોના આચરણથી તિર્યંચ અને નરક ગતિના દુઃખો પ્રાપ્ત કરે છે.

ધર્મ એટલે શું ?
દુર્ગતિ તરફ જઈ રહેલા આત્માઓને બચાવીને સન્માર્ગે સ્થાપન કરે.

ગુરૂવંદનનું ફળઃ-
ગુરૂ વંદન કરવાથી વિનય અને નમ્રતા ગુણની પ્રાપ્તિ થાય છે.

હે ભવ્ય જીવો ! શાળા તાંતણાથી ભરેલા ખાટલા ઉપર બેસનાર જેમ નીચે પડે છે, તેમ પાપના સેવનથી જીવો અધોગતિમાં જાય છે.

હે ચેતન ! આશ્રવભાવમાંથી (પાપમાંથી) નિવૃત્ત થઈ સંવરભાવમાં તત્પર થા ! જેથી પરલોક સુધારી અને પરંપરાએ એ કર્મનો ક્ષય કરી મોક્ષને પ્રાપ્ત કર.

સંશય નથી :-
જે આત્મા સમભાવથી સુવાસિત બન્યો છે એની મુક્તિ અવશ્ય થવાની એમાં કોઈપણ પ્રકારનો સંશય નથી.

૮. જિનશાસનનું ધ્યેય :-
આત્માને લાગેલાં કર્મો, કષાયો કે ક્લેશોને નિર્મૂળ

[illegible]
(જન્મમરણનું [illegible] છે

૨૪૯. કર્મ :-

જીવે પૂર્વભવને વિષે જે જે કર્મ જે જે [illegible] ભાવથી કર્યા હોય તે તે કર્મ તેને ઉદય પ્રાપ્ત થતાં ભોગવવા પડે છે.

૨૫૦. ધર્મના પ્રભાવ :-

હે ભવ્ય જીવો! સુખ સંપત્તિ, સૌભાગ્યપણું, આપત્તિનું નિવૃત્તિપણું, દીર્ઘ આયુષ્ય, ઉત્તમ કુળમાં જન્મ, દિવ્યરૂપ અપૂર્વ યૌવન, શરીરમાં શક્તિ અને મનુષ્યોની મધ્યમાં નિર્મળ યશ, એ સઘળું પણ આ લોકમાં ધર્મના પ્રભાવથી પ્રા[પ્ત] થાય છે. તેમજ સ્વર્ગ અને મોક્ષની સંપત્તિ પણ ધર્મથી જ મળે છે. માટે ધર્મ આદરો.

૨૫૧. પરીક્ષા :-

જેમ સોનાની (૧) ઘર્ષણ (૨) છેદન (૩) અગ્નિ[ના] તાપ અને (૪) તાડન આ ચારવડે પરીક્ષા કરા[ય] છે, તેમ વિદ્વાન પુરૂષો ધર્મની (૧) શ્રુત, (૨) શીલ (૩) તપ, અને (૪) દયા આ ચારવડે પરીક્ષા કરે છે.

૨. ક્યાં જાય ? :-

જીવ મરણ સમયે પગવડે નીકળે તો નરકે જાય, સાથળવડે નીકળે તો તિર્યંચગતિમાં જાય, હૃદયવડે નીકળે તો મનુષ્ય ગતિમાં જાય, મસ્તકવડે નીકળે

૨૭. સામાયિકનું ફળ :–

(૧) જે કર્મ કોટિ વર્ષ સુધી તપ કરવાથી પણ છેદી ન શકાય તે કર્મ પણ એક ક્ષણ માત્રમાં ચિત્તની સમતા વડે નિર્મૂળ થાય છે. કોઈ એક વ્યક્તિ સંગેશા લાખ ખાંડી સુવર્ણનું દાન કરે અને બીજી વ્યક્તિ સામાયિક કરે તો તે દાન કરનાર સામાયિક કરનારના તુલ્ય થતો નથી.

(૨) એક સામાયિક કરવાથી જેટલું પુણ્ય થાય છે તેટલું પુણ્ય કદાચ શ્રાવક ભાવથી મેરૂપર્વત જેટલા સુવર્ણનું દાન કરે તો પણ થતું નથી

(૩) એક સામાયિક કરવાથી બાણું કરોડ, ઓગણસાઠ લાખ, પચીસ હજાર નવસોને પચીસ તથા એક પલ્યોપમના આઠ ભાગ કરીએ તેવા ત્રણ ભાગ એટલે ૯૨૫૯૨૫૯૨૫ $\frac{3}{8}$ આટલા પલ્યોપમનું દેવનું આયુષ્ય બાંધે છે.

૨૮. જેને મોહ નથી તેનું દુઃખ હણાઈ ગયું; જેને તૃષ્ણા નથી તેનો મોહ કપાઈ ગયો, જેને લોભ નથી તેની તૃષ્ણા કપાઈ ગઈ અને આકિંચનપણું (સમગ્ર પરિગ્રહ ઉપરથી મુર્છાનો ત્યાગ) છે તેનો લોભ કપાઈ ગયો.

(શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર)

૨૯. માનુષોત્તર પર્વત :–

આ પર્વત જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાવર્ત એ અઢીદ્વીપને વીંટીને રહેલો છે, આ પર્વત બેઠેલા સિંહના આકારે છે. ત્યાં શાશ્વત ચાર મંદિરો આવેલા છે. દરેક મંદિરોમાં ૧૨૦ પ્રતિમા છે.

૪૩૦. રૂચક અને કુંડલ:-

આ અગીયારમા અને તેરમા દ્વીપમાં ચાર ચાર શાશ્વત જિન ચૈત્યો આવેલા છે. જે સો જોજન લાંબા, પચાસ જોજન પહોળા અને બહોંતેર જોજન ઊંચા આવેલા છે, તે સિવાય બીજા અસંખ્યાતા દ્વીપ સમુદ્ર એક બીજાને વીંટીને રહેલા છે, છેલ્લો સ્વયંભૂરમણ-સમુદ્ર અર્ધરાજલોક પ્રમાણ રહેલો છે. રૂચક અને કુંડલના આઠ ચૈત્યના પ્રત્યેક ચૈત્યે ૧૨૪ જિન પ્રતિમા છે. તિર્ચ્છાલોકનું પ્રમાણ ઉંચુ નીચું સામાન્ય રીતે અઢારસો જોજન કહેલું છે, અને શાશ્વતા ચૈત્યો ત્રણહજાર બસો ઓગણસાઠ શાસ્ત્રમાં કહેલા છે, તેમજ ત્રણલાખ એકાણું હજાર ત્રણસો વીશ એટલી પ્રતિમા બતાવેલી છે. વ્યંતર દેવતાઓ પણ તિર્ચ્છાલોકમાં રહે છે.

૪૩૧. નંદીશ્વરદ્વીપ :-

આ દ્વીપ જંબુદ્વીપથી આઠમો ગણાય છે. અહીં શાશ્વતા બાવન જિનાલયો છે. જ્યાં દેવતાઓ વારંવાર અઠ્ઠાઈ મહોત્સવથી પ્રભુની સેવા-ભક્તિ વિગેરે કરે છે. જે ચૈત્યો સો જોજન લાંબા અને પચાસ જોજન પહોળા અને બહોંતેર જોજન ઊંચા હોય છે. દરેક ચૈત્યમાં એકસો ચોવીસ પ્રતિમા હોય છે.

૪૩૨. સમેતશિખર તીર્થ ઉપર વીશ તીર્થંકર ભગવંતો, સત્તાવીશ હજાર ત્રણસો પીસ્તાલીશ સાધુઓ સાથે સિદ્ધિપદને વર્યા છે. સગર ચક્રવર્તી છ ખંડની રાજઋદ્ધિ છોડીને સંખ્યાબંધ મુનિઓ સાથે તેમજ

નામ પડેલું છે. ઉપર મધ્યભાગમાં સોનાનું શિખર બાંધી દહેરાસર છે. તેમાં જે જે કાળે અરિહંત ભગવંતોના જેવા શરીરો હતા, તે પ્રમાણે ચોવીશ ભગવંતોની ચોવીશ પ્રતિમાઓ રત્નની તેટલા જ પ્રમાણવાળી અને તેમના જેવા શારીરિક વર્ણવાળી બિરાજમાન છે. અહીંયા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુનું મોક્ષ કલ્યાણક છે. આ તીર્થ ભરત મહારાજાએ સ્થાપન કરેલું છે. છેલ્લા વીર ભગવંતના મુખ્ય ગણધર શ્રી ગૌતમસ્વામીએ લબ્ધિ દ્વારા સૂર્યના કિરણોનું આલંબન લઈ અષ્ટાપદ તીર્થની યાત્રા કરેલી છે, જ્યાં તેમણે પંદરસો ને ત્રણ તાપસ-શિષ્યોનો લાભ થયો હતો. જેમણે પોતે પોતાના પાત્રમાં વહોરી લાવેલી ખીરથી પંદરસો ને ત્રણને પણ લબ્ધિના પ્રભાવથી પારણું કરાવ્યું હતું.

૪૩૫. અસંતોષી ઈન્દ્ર અને ચક્રવર્તીને પણ સુખ નથી, જ્યારે નિર્ધન એવા સંતોષીને હંમેશા હોય છે.

૪૩૬. આ સંસાર કેવળ દુઃખમય, ખેદમય, અ॰ અશરણ અને અનિત્ય છે, તેમાં ક્યાંયે લેશ સુખ નથી માટે આત્મ સાધન શીઘ્ર સાધી લો.

૪૩૭. દેહ કચરાની ખાણ છે. આવું દેહનું અશુચિ સ્વરૂપ વિચારી ધર્મની આરાધના કરી લો.

૪૩૮. અવ્રત, વિષય, પ્રમાદ રૂપ નાળું ચારિત્રથી, કરી શકાય છે.

૪૩૯. શ્રીમાન્ શય્યંભવસૂરિજી મ. શ્રી દશવૈકાલિક સૂત્રમાં જણાવે છે કે જેમનું મન અહિંસા, સંયમ અને તપ રૂપી ધર્મતરફ સદા વળેલું છે, તેમને દેવો પણ નમસ્કાર કરે છે.

૪૪૦. પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. જણાવે છે કે કષાય, વિષય, અને આહારનો ત્યાગ એ સાચો ઉપવાસ છે.

૪૪૧. શ્રીપાળ રાસમાં પૂ. ઉપા. યશોવિજયજી મ. જણાવે છે કે ઇચ્છાઓ, વશ કરવી, સ્વભાવને શાન્ત રાખવો અને આત્મ નિરીક્ષણ કરવું એ વાસ્તવિક તપ છે.

૪૪૨. સતી દમયંતીએ પૂર્વભવે (વિરમતિના ભવમાં) પાંચસોચાર તીર્થંકર તપ લાગટ આયંબિલથી કર્યો અને દરેક ભગવાનને બહુ ભાવથી પૂજ્યા, જેના પ્રભાવે દમયંતીના ભવમાં તેણીનું કપાળ એટલું તેજ આપતું કે એ પ્રકાશમાં સેના રાત્રિના કૃત્ય કરી શકતી હતી.

૪૪૩. ભગવાન શ્રી ઋષભદેવની પુત્રી સુંદરીએ સાઠ હજાર વર્ષ સુધી આયંબિલ તપ કર્યો અને ચારિત્ર ધર્મની સુંદર આરાધના કરી મોક્ષે ગયા.

૪૪૪. શ્રી શાંતિનાથ ભગવાનના સમયમાં થયેલ શ્રી સનત્કુમાર ચક્રવર્તી પૂર્વભવમાં સો ઓળી કરીને ઉત્તમ દેવગતિને પામ્યા હતા.

૪૪૫. પાંડવોએ પૂર્વભવમાં સો ઓળી કરી અને સતી દ્રૌપદીએ શીયળની રક્ષા માટે ૭–૭ માસ સુધી

આયંબિલ તપ કરીને પોતાના શિયળની રક્ષા કરી હતી.

૪૪૬. શ્રેણિક મહારાજાની દસમી રાણી 'મહાસેન કૃષ્ણા' એ દીક્ષા લીધા પછી સાધ્વીપણામાં સો ઓળીએ કરી અને કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

૪૪૭. મંત્રીશ્વર વસ્તુપાળ અને તેજપાળના સમયમાં શ્રી વર્ધમાનસૂરિએ સો ઓળી પૂર્ણ કરી છેલ્લે અટ્ઠમ તપ કરી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને પારણું કરવાની ભાવનાર્થે શ્રી શંખેશ્વર જતાં રસ્તામાં કાળધર્મ પામ્યા હતા આ તપના પ્રભાવે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અધિષ્ઠાયક દેવ થયા છે એ અધિષ્ઠાયક દેવ વર્તમાનમાં જાગતા છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવન્તની શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરનારાને સહાય કરે છે.

૪૪૮. અગડદત્ત મુનિના ઉપદેશથી ધમ્મીલકુમારે છ મહીના સુધી લાગટ આયંબિલ કર્યા હતા.

૪૪૯. શ્રી મહાવીર પ્રભુના નિષ્પગ નામના શિષ્ય આઠ વર્ષ સુધી છટ્ઠને પારણે આયંબિલ કરી અને એક માસની સંલેખના વડે પહેલા દેવલોકમાં ગયા.

૪૫૦. શ્રી મહાવીર પ્રભુના કુરૂદત્ત નામના શિષ્યે છ માસ સુધી અટ્ઠમને પારણે આયંબિલ કરી સૂર્ય સામે આતાપના લેતા અને પંદર દિવસની સંલેખના કરી બીજા દેવલોકમાં ગયા.

૪૫૧. ધન્ના કાંકદીએ દીક્ષા દિવસથી આરંભી [illegible]

આયંબિલ કરવાનો અને પાણી જે આહારને ન ઈચ્છે તેવો આહાર લઈ ઉત્કૃષ્ટ ભાવે પરિણામે આયુષ્ય પાળી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા. શ્રી વીરપ્રભુના ચૌદહજાર શિષ્યોમાં ભાવે પરિણામે તેઓ હતા. એમ શ્રી વીરપ્રભુએ શ્રેણિક મહારાજાના પ્રશ્નના જવાબમાં તેઓની પ્રશંસા કરી હતી.

. તપસ્વી હીરલા તરીકે ઓળખાતા શ્રી જગતચંદ્રસૂરિજીએ જિંદગી પર્યંત (બારવર્ષ સુધી) આયંબિલ તપ કરેલ. તેમને મેવાડના રાજા જૈત્રસિંહે વિ. સં. ૧૨૮૫ માં તપાનું બિરૂદ તપસ્વી જીવન જાણવાથી આપ્યું હતું ત્યારથી તપાગચ્છ પ્રવર્ત્યો.

૩. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ચોથા અધ્યયનને ગોખવા એક મુનિવર્યે ગુરૂની આજ્ઞાથી બારવર્ષ આયંબિલ તપ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

૧૪. શ્રી જંબૂસ્વામીના જીવે શિવકુમારના ભવમાં બાર વર્ષ સુધી છઠ્ઠના પારણે આયંબિલ કર્યા હતા.

૧૫. શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે :—" કરોડો વર્ષ પંચાગ્નિ તપ-જપ કરીને અજ્ઞાની ક્રિયાવાદી આત્મા જે શુદ્ધિ કરી શકતો નથી, તેટલી આત્મશુદ્ધિ જ્ઞાની આત્મા એક શ્વાસોચ્છ્વાસ માત્રમાં કરે છે."

૧૬. શ્રી ગૌતમસ્વામીજી પ્રશ્ન પૂછે છે–હે ભગવન્ ! જે કોઈ શ્રમણોપાસક શ્રાવક પૌષધશાળામાં પૌષધમાં .પધ બ્રહ્મચારી જો જિનમંદિરે ન જાય,

પાપોની ગુરુ સમક્ષ આલોચના અને નિંદા (પશ્ચાત્તાપ) કરવાથી હળવો થાય છે.

૪૮૪. તારનારૂં થાય છે :-

શ્રી જિનેશ્વર ભગવંતનું એક વચન પણ, જો ભાવ-પૂર્વક આચરણમાં મૂકવામાં આવે તો સંસારને તારનારું થાય છે. સંભળાય છે કે સામાયિકના પદ માત્રથી માસતુષ મુનિ વિગેરે અનંતા જીવો સિદ્ધ થયા છે.

(શ્રી તત્ત્વાર્થસૂત્ર કારિકામાં)

૪૮૫. જ્ઞાન અને ક્રિયા

ચંદનના ભારને વહન કરનાર ગદર્ભ (ગધેડો) ભારનો ભાગી થાય છે, પણ ચંદનની સુવાસનો ભાગી થતો નથી, તેમ ચારિત્રથી હીન એવો જ્ઞાની જ્ઞાનનો ભાગી થાય છે, પણ સુગતિનો ભાગી થતો નથી. (જ્ઞાન સાથે ક્રિયાનો સંયોગ થવાથી જીવનો મોક્ષ થાય છે. પણ એકલા જ્ઞાન કે એકલી ક્રિયાથી નહિ.)

સમ્યક્ જ્ઞાનથી મિથ્યા ભ્રમ ટળે છે અને સમ્યક્ ક્રિયાથી પૌદ્‌ગલિક કર્મના બંધ શિથિલ થાય છે.

૪૮૬. પંચાચારની શુદ્ધિ થાય છે :-

સાવદ્ય (પાપ) યોગનું વર્જન અને નિરવદ્ય યોગોનું સેવન એ સ્વરૂપ સામયિક વડે, ચારિત્રાચારની શુદ્ધિ થાય છે. જિનેશ્વર પ્રભુના અદ્‌ભૂત ગુણોના

છે. જ્ઞાનાદિ ગુણોથી યુ...
...વિધિપૂર્વક વંદન કરવાથી જ્ઞાનાચારાદિ
...શુદ્ધિ થાય છે. પચ્ચક્ખાણ વડે તપા-
...શુદ્ધિ થાય છે. અને સામયિક આદિ સર્વ
...ા વડે વીર્યાચારની વિશુદ્ધિ થાય છે.

...મ :-

...ના અધિકાર રહિત, આત્માઓની આત્માને
...ને શુદ્ધ ક્રિયા, તેને જિનેશ્વરો અધ્યાત્મ
...છે." (અધ્યાત્મસાર)

...? મૂઢ પ્રાણી ભગવાનના સાચા કે ખોટા સોગંદ
...ે છે, તે પોતાના સમ્યક્ત્વને હણીને અનંત
...ંસારી થાય છે.

...હે ભવ્યજનો ! જો તમારે સંસારનો ત્યાગ કરવાની
અને શિવનગરમાં જવાની ઇચ્છા હોય તો કિંપાકના
...ફળ સદૃશ આ વિષમ વિષયોનો ત્યાગ કરો.

. નિ...ર્વા...ણ

સામયિકથી માંડીને બિન્દુસાર (ચૌદપૂર્વ) પર્યંત
શ્રુતજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાનનો સાર ચારિત્ર છે, અને
ચારિત્રનો સાર નિર્વાણ મોક્ષ છે. (ઓઘ-નિર્યુક્તિ)

...૯૧. મં...ગ...લ

...ના વડે હિત સધાય તે મંગલ કહેવાય છે,

અથવા ધર્મને લાવે–ધર્મને પ્રાપ્ત કરાવે તે મંગલ કહેવાય છે.”

(શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ શ્રી વિશેષ આવશ્યકમાં

૪૯૨. “જીવનો જે સમય સામયિક અને પૌષધમાં રહેતા વ્યતીત થાય છે, તે સફળ છે અને બાકીનો બધો સમય સંસાર વૃદ્ધિનું કારણ છે.”

૪૯૩. ચૈત્યવંદન સમ્યક્ પ્રકારે કરવાથી :-

ચૈત્યવંદન સમ્યક્ પ્રકારે (વિધિપૂર્વક) કરવાથી શુભ ભાવ ઉત્પન્ન થાય છે, શુભ ભાવથી કર્મોનો ક્ષય થાય છે અને કર્મોનો ક્ષય થવાથી સર્વ પ્રકારનું કલ્યાણ (મોક્ષ) પ્રાપ્ત થાય છે.

(પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મ. લલિત વિસ્તરા)

૪૯૪. મોક્ષસુખની પ્રાપ્તિ :-

જે આરાધક વંદન–પૂજન–સત્કાર અને સન્માન વડે અરિહંત ભગવંતની આરાધના, ઉપાસના કે ભક્તિ કરે છે, તેને દર્શનબોધિ, જ્ઞાનબોધિ અને ચારિત્ર-બોધિનો લાભ [illegible] છે અને તેથી તે અનુક્રમે મોક્ષસુખની પ્ર[illegible]

૪૯૫. આરાધક :-

. સંયમી :–
જે શક્તિઓ જાય છે, તે પાછી આવનાર નથી. જ્યારે યત્ન
અયત્ન કરનારની શક્તિઓ નિષ્ફળ છે
કરનારની શક્તિઓ સફળ છે."

૪૯૭. રાગ દ્વેષરૂપી ચિકાશ આત્મા ઉપર જ્યાં સુધી રહેલ છે, ત્યાં સુધી કર્મબંધ થવાનો, પરંતુ સર્વથા રાગ-દ્વેષના અભાવમાં નવા કર્મ બંધાશે નહિ, અને જુના કર્મો ચિકાશના અભાવથી ખરી પડવાના (જુદા થઈ જવાના). તે વખતે આત્માનો મૂળ ધર્મ, જ્ઞાન-દર્શન અને ચારિત્ર આદિ પ્રગટ થશે અને તે સમયે આત્મા કેવળજ્ઞાનવાળો થઈ જગજંતુને હિતકર માર્ગ બતાવશે."

૪૯૮. છે...છે :–
જ્યાં સ્પૃહા છે, મમત્વ છે, આસક્તિ છે અને મૂર્છા છે, ત્યાં પરિગ્રહ છે.

૪૯૯. પરદોષ :–
પરદોષને પ્રગટ કરવાનો સ્વભાવ, સ્વદોષની વૃદ્ધિ કરનાર થાય છે, દુર્ગતિનું ભાજન થાય છે, વિનય-વિવેકનો નાશ કરે છે, ગુણ શ્રેણીથી નીચે પાડે છે, વાત્સલ્ય ભાવ ઘટાડે છે, અને ધર્મ સાધનાને હારી જાય છે.

૫૦૦. સ્ફટિકમણિ આગળ જે વસ્તુ રાખી હોય. તેનો રંગ તેમાં પડે છે, તેવીરીતે જેવી વસ્તુનો સંગ થાય તેવા પરિણામ આત્માના થાય છે.

૫૦૧. આત્માના મૂળ ગુણ :—

જ્ઞાનથી શ્રદ્ધા વધે છે, શ્રદ્ધાથી ચારિત્ર ઘડાય છે, અને ચારિત્રથી મોક્ષ મળે છે. શ્રદ્ધા જ્ઞાન અને ચારિત્ર એ આત્માના મૂળ ગુણ છે.

૫૦૧. (એ) "હું અવગુણોથી ભરેલો છું, મહાપાપી છું, મારૂં કલ્યાણ ક્યારે થશે? ખરેખર હું પ્રમાદને આધીન થઇ મારૂં કલ્યાણ સાધી શકતો નથી, ઉત્તમ સાધનો મળવા છતાં હારી જવાની તૈયારી કરી રહ્યો છું, મારૂં પરભવમાં શું થશે? હું, તીર્થં ભગવંતે ફરમાવેલા સત્ય માર્ગે ક્યારે આવીશ! આવા વિચારો પુણ્યશાળી જીવોને આવે છે.

૫૦૨. સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાની આવશ્યકતા :-

જેમ માર્ગને જાણનારો મનુષ્ય, ગમનાદિ ચેષ્ટ રહિત હોવાથી ઇષ્ટ સ્થળે પહોંચી શકતો નથી અથવા ઇષ્ટ દિશામાં લઈ જનાર વાયુની ક્રિય વિનાનું વહાણ ઇચ્છિત બંદરે પહોંચાડતું નથી, તેમ ચારિત્રરૂપ સત્ક્રિયારહિત જ્ઞાન પણ મોક્ષરૂપ ઇચ્છિત અર્થ પ્રાપ્ત કરાવતું નથી. તાત્પર્ય કે તે માટે જ્ઞાન ઉપરાંત કુશળ ક્રિયાની પણ આવશ્યકતા છે.

(ક્રિયા વિશેષઆવશ્યક ભાષ્ય)

૫૦૩. પ્રત્યાખ્યાનનું મહત્ત્વ :-

સામયિકથી જેમ સમત્વની સિદ્ધિ કરીને મુક્તિ પર્યંત પહોંચી શકાય છે. ચતુર્વિંશતિ સ્તવથી (લોગસ્સથી) જેમ દર્શન-બોધિ જ્ઞાન-બોધિ અને

૫૩૧. [illegible]

૫૩૨. દંભથી વ્રત ધારણ કરીને, જે મોક્ષે જવા ઇચ્છે છે, તે લોઢાની નાવમાં બેસીને સમુદ્રની સામી પાર જવા ઇચ્છે છે, મતલબ કે જેમ લોઢાની નાવથી સમુદ્ર ન તરાય, તેમ દંભક્રિયાથી સંસારસાગર પણ ન જ તરાય.

(અધ્યાત્મસાર ઉપા. શ્રી યશોવિજયજી મ.)

૫૩૩. ધીરને પણ મરવાનું છે અને કાયરને પણ મરવાનું છે. બન્નેને મરણ તો છે જ. તેમાં ફેરફાર તો થવાનો નથી જ, તો પછી ધીરપણા વડે કરીને મરવું, તે જ ઘણું ઉત્તમ મરણ છે. (ઉત્તરાધ્યયન સૂત્રમાં-નવમાં પ્રત્યેક બુદ્ધ નામના અધ્યયનમાં આવે છે કે-યુગબાહુને પોતાના ભાઈ મણિરથે શસ્ત્રથી એટલો બધો માર માર્યો હતો, તેથી મરવાની તૈયારીમાં હતા, ત્યારે તેની પોતાની સ્ત્રી મદનરેખાએ નિઝામણા કરાવી, પછી મૃત્યુ પામી પાંચમાં બ્રહ્મ દેવલોકમાં ગયા. ધીરપણાથી મરણ થયું તો તેની દુર્ગતિ ન થઈ.)

૫૩૪. હે પરમાત્મા ! શું આ તે મારા કર્મનો દોષ છે ? અથવા શું આ દુષ્ટ એવા મારા આત્માનો દોષ છે ? અથવા મારી ભવિતવ્યતા જ પાકી નથી કે હજી સુધી મારો, આ સંસારમાંથી કેમ પાર આવતો નથી ?

શ્રી વીતરાગ પરમાત્માની વાણી સાંભળીને તેઓને ધન્ય છે. સાંભળીને આચરણમાં મૂકે તેઓને પણ ધન્ય છે અને આનંદથી આરાધનાને પાર પામી મોક્ષમાં સંચરેલા મુનિવરોને વારંવાર ધન્ય છે.

(શ્રી ગણધરદેવ-ભગવાનના)

૫૩૬. અન્યત્વ ભાવના :- લક્ષ્મી પારકી છે, શરીર પણ સર્વ કુટુંબ અન્ય છે, … શ્રી જિનેશ્વર ભગવંતના ધર્મ આત્માથી જુદું છે, શ્રી … કંઇ પણ સાથે આવી સિવાય પરલોકમાં બીજું શકતું નથી.

૫૩૭. અનિત્ય ભાવના :- સંધ્યા સમયના વાદળનો રંગ, ઇન્દ્ર ધનુષ્ય વિગેરે ઉત્પન્ન થઈ વિખરાઈ જાય છે, તેમ જેમ શરીરમાં … વસ્તુઓ ક્ષણમાં ભેગી થાય છે આ સંસારમાં સર્વ … જાય છે. આ બધું પળે પળે અને ક્ષણમાં નાશ … આવી અસાર અને અનિત્ય વસ્તુ અનુભવતાં છતાં એવા જગતમાં હે જીવ! તું કેમ મુંઝાય છે?

૫૩૮. અનંતા કાળમાં અનંતા બળદેવો, વાસુદેવો, ચક્રવર્તીઓ, વિગેરે મહાપુણ્યવાન અને શક્તિસંપન્ન જીવો પણ આ પૃથ્વી ઉપર આવી થોડા દિવસની રમત રમીને ચાલ્યા ગયા તો તારી કઇ ગણતરી છે?

૫૩૯. અશરણ ભાવના :- વિશાળ રાજ્ય, અખૂટ સંપત્તિ, હાથી, ઘોડા, રથ, … તેમજ અનેક સગાં સંબંધી હોવા પાય

છતાં કોશાંબી નગરીના રાજાને રોગની પીડાર કોઈએ બચાવ્યો નહિ.

૫૪૦. હે જીવ ! જ્યારે મરણ આવવાની તૈયારી થાય ત્યાં સગાંવ્હાલાઓ ગભરાઈને દોડાદોડ કરી મૂકતા હોય તે વખતે એક શ્રી જિનધર્મ વિના તને કોણ શરણ થશે ? એનો વિચાર કર.

૫૪૧. એકત્વ ભાવના :-
જીવ એકલો કર્મ બાંધે છે, ફળ એકલો ભોગવે છે, જન્મ અને મરણ એકલો જ કરે છે, અને પરલોકમાં પણ એકલો જ જાય છે.

૫૪૨. કોણ સાથે જન્મે છે ? પરભવમાં સાથે કોણ જાય છે ? કોઈનું દુઃખ કોણ લઈ શકે છે ? કોણ મરેલાને પાછા લાવી શકે છે ? આવું કોઈ કરી શકતું નથી. જીવ એકલો આવે છે, ને એકલો જાય છે.

૫૪૩. અજ્ઞાની જીવ મરણ પામેલા સ્વજનો માટે વારંવાર શોક કરે છે, ચિંતા કરે છે, પણ પોતાનો આત્મા આ સંસારમાં એકલો અનેક પ્રકારે દુઃખ સહન કરે છે, તેનો વિચાર કરતો નથી.

૫૪૪. આશ્રવ ભાવના :-
હિંસા-જૂઠ-ચોરી-મૈથુન અને પરિગ્રહ આ પાંચ આશ્રવ દ્વારો વડે (પાપોવડે) કર્મો આવે છે. સમુદ્રમાં ચાલતું જહાજ જેમ અનેક છિદ્રોવડે પાણી ભરાવાથી ડૂબી જાય છે તેમ આ જીવ, હિંસાદિ આશ્રવો વડે કર્મો ભરાવાથી સંસારસાગરમાં ડૂબે છે.

૫. નિર્જરા ભાવના :–
તપરૂપી અગ્નિમાં નાખીને જેમણે પોતાના આત્માને સોનાની જેમ શુદ્ધ કર્યો છે તેવા અતિમુક્ત, કુરૂદત્ત વિગેરે મહામુનિઓને લાખો વાર નમસ્કાર હો !

૬. જેમણે તપરૂપી તીક્ષ્ણ તલવાર વડે મોહના સૈન્ય-નો નાશ કર્યો છે, તે મુનિવરો સાચા સુભટ છે.

૫૭. સંસારથી કંટાળેલા જીવો પણ ભવભાવના રૂપી નિસરણીને પામ્યા વિના મોક્ષ મહેલમાં કદિયે ચઢી શકતા નથી.

૮. સંસાર ભાવના
નદીના કિનારે રેતીમાં નાના બાળકો ખોટા–ખોટા હાથી-ઘોડા વિગેરે બનાવે છે. ઘર–મહેલ–બજાર–નગર આદિની જુઠી કલ્પના કરીને આનંદથી અનેક રમતો રમે છે, ત્યારબાદ તે બધી વસ્તુઓ સ્વયં નાશ પામે છે અથવા તો તે બાળકો ભૂંસી નાખે અથવા એમને એમ મૂકીને તે રમત ખેલનારા બાળકો જુદી જુદી દિશામાં પોતાના ઘર અથવા અન્ય સ્થાનોમાં ચાલ્યા જાય છે. તેવી રીતે સંસા-રમાં પણ ઘર, રાજ્ય, વૈભવ, પરિવાર, સગા અને સ્નેહિ આદિમાં જગતના પ્રાણીઓ પાંચ દિવસની રમીને પોતપોતાના કર્મ ઉદયરૂપી પ્રબળ જીવો જુદી જુદી ગતિઓમાં

…કરેશ ન

૫૭૩. મૌનથી-કર્મનો બંધ ઓછો થાય, અને વાયુકાય
થાય, અસત્ય બોલવાનું બંધ થાય,
જીવની રક્ષા થાય.

૫૭૪. જેમ પોતાનો દેશ છોડ્યા વિના પરદેશ જવાતું નથી,
તેમ રાગ-દ્વેષ છોડ્યા વિના મોક્ષમાં જવાતું નથી.

૫૭૫. ભવસમુદ્ર તરવા માટે સમકિત એ જહાજ સમાન છે.

૫૭૬. જેમ સૂર્ય વિનાનો દિવસ, પુત્ર વિનાનું કુળ,
આત્મા વિનાનું શરીર, દીપક વિનાનું ઘર, વિદ્યા
વિનાનો મનુષ્ય, નેત્ર વિનાનું મુખ, છાયા વિનાનું
વૃક્ષ અને દયા વિનાનો ધર્મ નિષ્ફળ ગણાય છે,
તેમ શ્રી શત્રુંજય તીર્થની યાત્રા વિનાનો મનુષ્ય
ભવ પણ નિષ્ફળ ગણાય છે.

૫૭૭. જેમ કુહાડાથી છેદાતું એવું ચંદનનું વૃક્ષ પણ
કુહાડાના મુખને સુગંધવાળું કરે છે, તેમ સજ્જન
પુરૂષોનો પણ એવો જ સ્વભાવ હોય છે.

૫૭૮. સમ્યગદર્શનના પાંચ આભૂષણો :-
(૧) જિન શાસનને વિષે શ્રદ્ધા-દૃઢતા, (૨) શાસનની
ઉન્નતિકરવી, (૩) જિનેશ્વર ભગવાનની ભક્તિ કરવી, (૪)
જિનમતને વિષે કુશળપણું મેળવવું અને (૫) તીર્થની
સેવા કરવી આ પાંચ સમ્યક્ત્વના ભૂષણો જાણવા.

૫૭૯. સાચું જાણપણું થવું તેનું નામ સમ્યગ્ જ્ઞાન,
સાચી માન્યતા થવી તેનું નામ સમ્યગ્ દર્શન અને
સાચી માન્યતા પ્રમાણે યથાર્થ વર્તન કરવું તેનું
…સમ્યક્ચારિત્ર.

પૂજા, બ્રહ્મચર્યનું પાલન, દાન-દયા આદિ ચોમા-
સાના આભૂષણો કહેલા છે.

૫૬૭. બીજની આરાધના બે પ્રકારના (સર્વ વિરતિ અને દેશ
વિરતિ) ધર્મ માટે, પાંચમની આરાધના જ્ઞાન
માટે, આઠમની આરાધના આઠ કર્મના નાશ માટે
અગીયારશ-અગીયાર અંગ માટે અને ચૌદશ-ચૌદ
પૂર્વની આરાધના માટે શાસ્ત્રમાં ફરમાવેલી છે.

૫૬૮. જ્ઞાનની આરાધના માટે જ્ઞાનપંચમી, દર્શનની
આરાધના માટે અગીયારશ અને ચારિત્રની આરાધના
માટે ચૌદશ શ્રી જિનેશ્વર ભગવંતે કહેલી છે.

૫૬૯. જેમ મંદિરના શિખર ઉપર કળશ, અક્ષતના થાળ
ઉપર સુંદર ફળ અને ભોજન ઉપર તાંબુલ ઉત્તમ
શોભા આપનારા થાય તેમ તપ ઉપર ઉજમણું
ઘણી શોભા વધારે, અનેકને આનંદનું તેમજ ભા-
ભાવનાની વૃદ્ધિનું કારણ બને.

૫૭૦. જ્યાં જ્યાં ભાગ્યરહિત મનુષ્યો જાય છે ત્યાં ત્યાં
આપત્તિઓ આવે છે. અને પુણ્યશાળીઆત્માઓ
જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં સંપત્તિઓ આવે છે.

૫૭૧. [illegible] બીજો કોઈ (બીજા) રસ નથી, [illegible]
[illegible] બીજો કોઈ [illegible] નથી, [illegible]
બીજો કોઈ [illegible] નથી અને [illegible] બીજો
[illegible] નથી.

[illegible]

નથી, નહિ મળવાથી તને બળતરા થાય છે, અને બીજા ઉપર ઈર્ષ્યા આવે છે, એ તાપથી તારૂં હૈયું હંમેશા સળગ્યા કરે છે, આ રીતે તું આલોકમાં પણ દુઃખી થાય છે, અને પરલોકમાં દુર્ગતિમાં જવાનો છે, આ રીતે ઈચ્છા અને ઈર્ષ્યા એ બન્નેના સંકજામાં ફસાઈને તું આ ભવ અને પરભવ બંન્નેને બગાડે છે.

(અધ્યાત્મકલ્પદ્રુમ.)

૬૨૪. જીવો પ્રત્યે શુદ્ધ દયા ભાવનો ઝરો જેના હૈયામાં વહેતો હોય તે જીવો દુર્ગતિને ટાળી શકે છે.

૬૨૫. કુ-વિકલ્પ દાનનું ફળ :–

ઉજ્જૈન નામની નગરીમાં ધન્ય નામનો શ્રાવક પોતાની દુકાને વેપાર માટે બેઠેલો, ત્યારે માસક્ષમણના પારણે ગોચરી માટે માર્ગે જઈ રહેલા મુનિ ભગવંતને જોઈને ખુશ થયો અને પૂજ્યશ્રીજીને ઉલ્લાસપૂર્વક–ભાવથી વિનંતિ કરી વહોરાવવા લઈ ગયો. તેમને પાત્રામાં તે ઘી વહોરાવવા લાગ્યો. દાનધર્મની ઉજ્જ્વલ ભાવનાથી અખંડધારાએ ઘી આપતા તે [illegible] બંધ કરવા લાગ્યો, મુનિ ભગવંત પણ જ્ઞાની હતા, તેઓ તેના મનના [illegible] ન થઈ કે હજુ પણ 'બસ' કહેતા નથી એટલામાં તે ધન્યના મનમાં વિચાર આવ્યો કે 'અરેરે! આ એકલા મુનિ આટલા બધા ઘીનો [illegible] કરશે! હજુ પણ 'બસ' કહેતા નથી, આમ [illegible] ભાવની [illegible] પડ્યા, જે ફળની [illegible]

પુણ્યયોગે દેવલોકને ઉપાર્જન કર્યું હતું, તે જ ક્રમથી પડતો જોઇને મુનિ બોલ્યા, હે ભદ્ર! આટલે ઊંચે ચઢીને હવે ન પડ, ન પડ, ધન્ય બોલ્યો, 'સાહેબ'! હું તો અહિં જ ઊભો છું, ક્યાંથી પડવાનું આપ જણાવો છો? આપ આવું સંબંધ વિનાનું વચન ન બોલો, મુનિ ભગવંતે કહ્યું કે તેં મને ઘીનું દાન આપ્યું હતુ, તેના વડે કરી તેં દેવલોકનું આયુષ્ય બાંધેલું, પરંતુ તે કુવિકલ્પના ચિન્તવન વડે દુર્ગતિનું આયુષ્ય બાંધ્યું, ફરીથી શ્રાવકે (ધન્યે) કહ્યું કે; ફરીથી હું દાન કરૂં મુનિએ કહ્યું કે, 'લોભથી ફળ ન મળે.' ત્યારપછી તે ધન્ય મરીને સહસ્રાર નામના આઠમા દેવલોકમાં દેવ થયો પછી મનુષ્યપણું પ્રાપ્ત કરી ફરીથી વિકલ્પરહિત તેને સુપાત્રદાન વડે મોક્ષ પ્રાપ્ત કર્યું. માટે ભવ્યજીવોએ વિકલ્પરહિત દાન આપવું જોઈએ,

૬૨૬. ચિત્તની કામનાઓ-વાસનાઓ, ક્લેશો, રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાન કષાયો અને કર્મથી મુક્ત બનવા માટે, અનેક વ્રતો, નિયમો, આચારો, ક્રિયાઓ કે વિધિવિધાનો પ્રયોજવામાં આવ્યા છે. આવા વ્રતોનું પાલન કરતી વખતે સાધકે જાગ્રત રહીને પળે પળે, ક્ષણે ક્ષણે આંતર નિરીક્ષણ કરતાં રહેવું. જે કંઈ ધર્મકરણી કરૂં છું, તેનાથી મારી ચિત્ત શુદ્ધિ કે આત્મશુદ્ધિમાં વૃદ્ધિ થાય છે કે નહીં? અંતઃકરણની શુદ્ધિ અને કર્મનિર્જરાનો લાભ એજ ધર્મકરણીની સફળતા છે.

૬૩૮. મૈત્રી આદિ ચાર ભાવનાથી વાસિત ચિત્ત શુભ કર્મ બંધાવે છે, અને કષાય તથા વિષયોથી આક્રાંત થયેલું ચિત્ત પ્રાણીને અશુભ કર્મ બંધાવે છે.

૬૩૯. જેમ મનુષ્યમાં ચક્રવર્તી શ્રેષ્ઠ ગણાય, અને દેવતામાં ઈન્દ્ર શ્રેષ્ઠ છે, તેમ સર્વ ગુણોમાં સંતોષ શ્રેષ્ઠ છે. જેટલે દરજ્જે સંતોષી મુનિ સુખી છે, તેટલે દરજ્જે અસંતોષી ચક્રવર્તી દુઃખી છે.

૬૪૦. જે જ્ઞાન ત્યાગ-વૈરાગ્યને વધારતા નથી તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે.

૬૪૧. ઝાડનું પાંદડું પણ ક્રમે કરીને રાગ-રતાશ ત્યજી દે છે પણ સચેતન એવો માનવ જો ઉંમરે (વૃદ્ધ અવસ્થાએ) પહોંચવા છતાં રાગ છોડતો નથી તો તે કાષ્ઠથી પણ કનિષ્ઠ (નાનો) છે.

૬૪૨. આભ્યંતર આભૂષણો :–

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા એ મસ્તકનું આભૂષણ છે, શ્રી જિનઆગમનું શ્રવણ એ કાનનું આભૂષણ છે, સત્ય બોલવું એ કંઠનું આભૂષણ છે, ગુરુ ભગવંતાદિને અંજલિ જોડી નમસ્કાર કરવો એ હાથનું આભૂષણ છે, નિર્મળતા એ હૃદયનું આભૂષણ છે અને [illegible] તીર્થોની છ'રી પાળતા યાત્રા કરવી એ પગનું આભૂષણ છે.

૬૪૩. [illegible]

વહેલો દુકાન ઉઘાડે અને નંદક સવારમાં દેવપૂજા કરવા દહેરાસર જાય. ભદ્રક ચિંતવે છે કે–'ધન્ય છે આ નંદકને કે જે સઘળાં કાર્યો ત્યજી દઈને સવારમાં રોજ શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા કરે છે. જ્યારે હું નિર્ધન–પાપી અને ધન ઉપાર્જનની ઉત્કટ લાલસાવાળો અહીંયા આવીને સવારમાં આ પામરોના મોઢાં જોઉં છું. મારા ઉચ્ચ કુળ અને જીવિતને ધિક્કાર થાઓ. આમ ભદ્રક નિર્મળ ધ્યાન જળથી પોતાના પાપ મલને ધોવે છે. અને પુણ્યથી બીજને સિંચે છે. જ્યારે નિંદક ચિંતવે છે કે 'મારા દેવપૂજાના સમયે હરિફ વિનાનો આ ભદ્રક ઘણું ધન પેદા કરી લે છે અને હું અભિગ્રહ લેવાથી બંધનમાં આવી ગયો છું, હવે શું કરું ? દેવની પૂજાનું ફળ તો મળશે ત્યારે મળશે પણ આ ધન હાનિ તો તત્કાળ છે, આવા આવા કુવિકલ્પો વડે પોતાનું કરેલું સર્વ તે નિંદક હારી ગયો આથી ભવ્ય જીવોએ દેવપૂજાદિ વિકલ્પ રહિત એકાગ્રચિત્ત કરવી

(શ્રી પાર્શ્વનાથ ચરિત્ર)

૬૪૪. જિનેશ્વર ભગવાનનું દર્શન સંસારથી સળગતી હોળીને સમતાના જળ સિંચી શાંત કરનારૂં છે.

૬૪૫. જેમ કતલખાને લઈ જવાતા બોકડાને ડગલે ડગલે મૃત્યુ નજીક આવે છે, તેમ જીવોને દિવસે દિવસે મૃત્યુ નજીક આવે છે, માટે ધર્મ આરાધી લો.

૬૪૬. જગતમાં લક્ષ્મી વિજળીના ઝબકારા જેવી ક્ષણ ભંગુર છે, અને વહાલા સ્વજનોનો સંયોગ–સહવાસ મુસાફરોને વૃક્ષ વિસામે મળેલા સાથ સંયોગ જેવો અલ્પકાલિન છે, ઉછળતી યુવાની મેઘ ધનુષની જેમ ક્ષણિક છે, તેમજ પ્રિયજનોનો સ્નેહ રંગ પણ પરિણામે પતંગીયા જેવો છે. વળી અસ્થિર જળમાં પડતાં ચંદ્રના પડછાયાની જેમ, ન પકડી શકાય એવા સ્ત્રીના ચંચળ ચિત્તમાં સત્પુરૂષોના મનને કયો પ્રતિબંધ હોય ? આરંભે મીઠા લાગતા પાંચે ઇંદ્રિયોના વિષયો, પરિણામે અતિ દુઃખદાયી બને છે, એથી કરીને કેળના વૃક્ષના મધ્ય ભાગની જેમ આ સંસારમાં કાંઈ સાર નથી.

૬૪૭. ક્ષણવાર દેખાઈને વિનાશ પામવાના સ્વરૂપે આ સર્વ સ્વપ્ન તુલ્ય જ છે, પેલું સ્વપ્ન ઉંઘતાને હોય છે. આ સ્વપ્ન જાગતાનું છે, જે આંખ મીંચાતા સર્વ શૂન્ય છે. વિદ્વાનોએ કહ્યું છે કે :– આ દેહ ક્ષણે ક્ષણે ક્ષય પામી રહેલ છે. પણ જાણી શકાતો નથી, પાણીમાં મૂકેલા કાચા ઘડાની જેમ, સાવ ફાટી પડે ત્યારે જ લક્ષમાં આવે છે. માટે સંસારની ક્ષણ ભંગુરતા જાણી ધર્મકરણી કરી લો.

૬૪૮. બંધન અને મુક્તિ :–

બંધન અને મુક્તિના બે જ કારણો છે, મમત્વ અને નિર્મમત્વ.

પર પદાર્થોમાં 'મારું મારું' એ ભાવ દુઃખ

મૂળ છે અને એમા મારૂં કાંઈ નથી એ ભાવ મુક્તિનું મૂળ છે.

પોતાના પાળેલા કુકડાને બિલાડી મારી નાંખે તો જેવું દુઃખ થાય છે તેવું દુઃખ જેમાં મારાપણું નથી એવા ચકલા કે ઉંદરને મારી નાંખે તો થાય છે?

૧૪૯. ઉત્તમ પુરૂષો કોઈ પણ કાર્યમાં પ્રથમથીજ વિચાર કરે છે, મધ્યમ પુરૂષો દોષ જોયા પછી અકાર્યથી પાછા ફરે છે, જ્યારે અધમ પુરૂષો દોષ જોવા છતાં અકાર્યથી વિરમતા નથી.

૧૫૦. બ્રહ્મદત્ત ચક્રવર્તીએ સાતસો વર્ષના સંસારી સુખો ભોગવ્યા. કુલ સાતસો વર્ષના દિવસો થયા—બે લાખ બાવન હજાર, તેટલા દિવસોની ઘડી થઇ પંચોતેર લાખ સાઠ હજાર, એક ઘડીના શ્વાસોશ્વાસ ત્રણ હજાર સાતસો તોંતેર થાય એટલે આખી જીંદગીના કુલ શ્વાસોશ્વાસ અઠ્ઠાવીશ અબજ, અઠ્ઠાવન કરોડ, અડત્રીસ લાખ અને એંશી હજાર થાય. આટલા શ્વાસોશ્વાસ ચક્રવર્તીએ પાપારંભોમાં આસક્ત થઇને પસાર કર્યાં તેનું પરિણામ એ આવ્યું કે, તેમને સાતમી નરકે જવું પડ્યું. સાતમી નરકમાં તેત્રીશ સાગરોપમનું આયુષ્ય છે. એટલે એક શ્વાસોશ્વાસ, જે પાપારંભોમાં મશગુલ બની વીતાવ્યો હતો. એના બદલામાં ચક્રવર્તીને પંદર લાખ છપ્પન હજાર નવસોથી અધિક પલ્યોપમ દુઃખ નરકમાં ભોગવવું પડ્યું. બધા શ્વાસોશ્વાસનું વળી કુલ તેત્રીશ સાગરોપમ તેમના ભયંકર

દુઃખોમાં [illegible] [illegible] [illegible] પાપ કરતાં વિચાર કરજો.

૬૫૧. તીર્થ યાત્રા કરવાથી, કર્મોના મેલ ધોવાય, કષાયો શાંત થાય, વિષયોનું શમન થાય અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય

૬૫૨. અરિહંત ભગવન્તોની સ્તુતિ, વંદન, પૂજન, આદિથી મનોવૃત્તિ નિર્મળ થાય અને મનોવૃત્તિની શુદ્ધિથી મનની એકાગ્રતા પ્રાપ્ત થાય છે, તથા મન એકાગ્ર થવાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે.

(ગ્રંથોધકારિકા)

૬૫૩. જન્મ, કર્મ અને ક્લેશ આ ત્રણનો નાશ કરવા માટે જ્ઞાન દર્શન અને ચારિત્રની નિર્મળ આરાધના કરો

૬૫૪. પોતાના દોષોનું નિરીક્ષણ કરીને, પાપ પ્રવૃત્તિથી પાછા હઠવું એ મનુષ્ય ભવ પામ્યાનો સાર છે.

૬૫૫. અધ્યાત્મકલ્પદ્રુમ, સંતિકરં અને ઉપદેશરત્નાકર આદિના રચયિતા સહસ્રાવધાનિ પૂ. આ. શ્રી મુનિસુંદરસૂરિજીનો જન્મ વિક્રમસંવત ૧૪૩૬ અને દીક્ષા સં. ૧૪૪૩માં સાત વર્ષની નાની વયમાં થયેલ (બાલ્યવયમાં જેને દીક્ષા લીધી હોય, તે શાસનની મહાન પ્રભાવના કરી શકે છે.)

卐 卐 卐

વિભાગ-૨

બો.....ધ.....દા.....ય.....ક

દુ.....હા.....ઓ



દાન દીધું ધનસાર્થીએ, આણુંદ હરખ અપાર;
નેમિનાથ જિનવર હુઆ, યાદવકુળ શણગાર

ધન્નોસાર્થપતિ જુઓ, ઘૃત વહોરાવ્યુ મુનિ હાથ;
દાન પ્રભાવે જીવડો, પ્રથમ હુઆ આદિનાથ.

કુળથી કેરા રોટલા, દીધું મુનિવર દાન;
વાસુપૂજ્ય ભવ પાછલે, જિનપદ લહ્યું નિદાન.

વસંત પુરે નાટક કરે, એલા પુત્ર કુમાર;
જાતિસ્મરણ ઉપન્યો, જ્ઞાન અનંત અપાર.

દિન પ્રતિ હત્યા કરી, અર્જુન માળી નામ;
પરિષહ સહી ક્ષમા ધરી, પામ્યા શિવપુરી ઠામ.

પંચશત શિષ્ય ખંધક તણા, ઘાણી પીલ્યા સોય;
શિવ નયરી શિવ પામ્યા, એ સમતા ફળ જોય.

પૂરવંભવ તણી પ્રિયા શિયાળણી, તિણે ભરખ્યો
અવંતિસુકુમાળ;
નલિની ગુલ્મ વિમાનમાં, પામ્યો સુખ તત્કાળ. ૭.

મેતારજ શિર સોનીએ, વાધર વીંટ્યો ધરી ખેદ;
નિજ મન ઠામે રાખિયો, કિયો સંસારનો છેદ. ૮.

કામ ક્રોધ મદ લોભકી, જબ લગ ઘટમેં ખાન;
કયા મૂરખ કયા પંડિત, દોનું એક સમાન. ૯.

જબ તું આયો જગતમેં, જગ હસત તું રોય;
ઐસી કરણી અબ કરો, તુમ હસત જગ રોય. ૧૦.

તન પવિત્ર તીરથ ગયે, ધન પવિત્ર કર દાન;
મન પવિત્ર હોત તબ, ઉદય હોત ઉર જ્ઞાન. ૧૧.

ભવસાગરમાં ડૂબતા, કોઇ ન તારણહાર;
ધર્મ એક પ્રવહણ સમો, કેવળી ભાષિત સાર. ૧૨

નિજ સ્વરૂપ જાણ્યા વિના, જીવ ભમે સંસાર;
જબ નિજ રૂપ પિછાણીયો, તબ લહે ભવકો પાર

દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈ
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદા ?

જ્ઞાન સમું કોઈ ધન નહિ, સમતા સમું નહિ
જીવિત સમી આશા નહિ, લોભ સમું નહિ

દેવ જપો અરિહંતને, ગુરૂ સેવો
દયા ધર્મ પાળો સદા,

[illegible] અંગ [illegible] તહિ, [illegible] દુઃખ ભાર;
[illegible] સાર. ૨૮

વરસ દિવસ કાઉસગ્ગ રહ્યો, બાહુબળી અણગાર;
માન ગજેથી ઊતર્યો, તવ લીધો કેવળ સાર. ૨૯

જરા આવી જોબન ગયું, શિર પર પલટ્યા કેશ;
લોલુપતા તો છાંડી નહિ, ન કરે ધર્મ લવ લેશ. ૩૦.

આયુ ખૂટે આતમા !, કોઇ નવિ રાખણહાર;
ઈંદ્ર ચંદ્ર જિનવર વળી, ગયા સવિ નિરધાર. ૩૧.

વાવી કૂરી કોદરી, તો કયું લણીએ શાળ;
પુણ્ય વિના સવિ જીવડા, આશા આળ પંપાળ. ૩૨.

દોષ દીજે નિજ કર્મને, જેણે નવિ કીધો ધર્મ;
ધર્મ વિના સુખ નવિ મળે, એ જિનશાસનનો મર્મ ૩૩.

વખત વહી જશે વાતમાં, કાળ ઝડપશે કાલ;
ચતુર હોય તો ચેતીને, તું તારું સંભાળ. ૩૪.

કર ભક્તિ ભગવન્તની, કર પરમારથ કામ;
કર સુકૃત જગમેં સદા, રહે અવિચળ નામ. ૩૫.

રાગ દ્વેષ કે ત્યાગ બિન, મુક્તિ કો પદ નાહિ;
કોટિ કોટિ તપ જપ કરો, સભી ફોગટ થાય. ૩૬.

ઇચ્છે જેવું અવરનું, તેવું પોતાનું થાય;
નહિ માનો તો કરી જુઓ, જેથી તુર્ત જણાય. ૩૭.

કાતર સમ દુર્જન કહ્યો, સજ્જન સોય સમાન;

પુણ્ય પૂજા જબ હોત હૈ, ઉદય હોત તબ પાપ;
સૂકે વનકી લાકડી, પ્રજળે આપો આપ. ૩૯.

વિનાશી પુદ્‌ગલદશા, અવિનાશી તું આપ;
આતમ સ્વરૂપ વિચારતાં, મિટે પુણ્ય ઓર પાપ. ૪૦.

વિઘ્ન ટળે તપ ગુણ થકી, તપથી જાય વિકાર;
પ્રશંસ્યો તપ ગુણ થકી, વીરે ધન્નો અણગાર. ૪૧.

સમકિત વિણ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય;
સમકિત વિણ સંસારમાં, અરહો પરહો અથડાય. ૪૨.

નવાણું કોડી કંચન તજી, ઓર તજી આઠે નાર;
તે દુષ્કર નિત વંદીયે, શ્રી જંબુ ત્રણ કાળ. ૪૩.

કાને ખીલા ઘાલીયા, ચરણે રાંધી ખીર;
તેમને પણ કર્મો નડયા, ચોવીશમા શ્રી વીર. ૪૪.

લઘુતાથી પ્રભુતા મળે, ટળે દોષ અભિમાન;
બાહુબલી લઘુતા ધરી, પામ્યા કેવળજ્ઞાન. ૪૫.

પારકી નિંદા જે કરે, કુડાં દેવે આળ;
મર્મ પ્રકાશે પરતણાં, તેથી ભલો ચંડાળ ૪૬.

આશા અંબર જેવડી, મરવું પગલા હેઠ;
ધર્મ વિના જે દિન ગયા, તિણ દિન કીધી વેઠ. ૪૭.

જન્મ્યું તે તો જાય છે, સૌના એ જ હાલ;
માન ન કરો માનવી, કોણે દીઠી કાલ ? ૪૮.

પંખી ટોળું વૃક્ષ પર, હળ્યું મળ્યું છે હાલ;

સાકર તજે ન મધુરતા, કોમલ તજે ન ઝેર:
સજ્જન તજે ન સરળતા, દુર્જન તજે ન વેર. ૬૧.

શાક બગડે તો દિવસ બગડે, અથાણું બગડે વરસ;
બૈરી બગડે તો ભવ બગડે, ને અધર્મે બગડે ભવોભવ.

સ્વભાવ હોય બુરો, તેનો થાય ચૂરો;
જીભ હોય ઝેરી, તેનો મુલક બધો વેરી. ૬૩.

પરખ્યો તો પરખ્યો નહિ, હદ્દો કીધો દૂર;
લક્ષણનું લાગી રહ્યો, નક્કો રહ્યો હજૂર. ૬૪.

માતા કે પિતા રડે, રડે વહુ કે બાળ;
ચાકર કે શેઠ રડે, તોહી ન છોડે કાળ. ૬૫.

પાછળ રહેલા જે સગા, ધન ખાય છે મરનારનું
કોર્ટ કજીયા ટેક્ષમાં, ધન જાય છે મરનારનું;
પુણ્યના ને પાપના, કર્મો વડે લેપાઈને,
મરનાર જાયે એકલો, ને ભોગવે પણ એકલો. ૬૬.

સરિતા તટે સળગે ચિતા, સંબંધી બેઠા રેતમાં,
કોઈ આવ્યા દ્વેષમાં ને, કોઈ આવ્યા હેતમાં;
મરનારનો હિસાબ કરતાં, પુણ્યનો ને પાપનો,
શબ કહે છે આજ મારો, કાલ વારો આપનો. ૬૭.

ગુણ બોલે નિંદે નહિ, તે સોભાગી હોય,
અવગુણ બોલે પરતણા, તે દુર્ભાગી હોય. ૬૮.

જાણ આગળ અજાણ થઈએ, તત્ત્વ લઈએ તાણી,
સામો થાય અગ્નિ, તો આપણે થઈએ પાણી. ૬૯

કેંક ગયા ને જાય છે, જશે થશે બેહાલ;
સુકૃત સાથે આવશે, કોણે દીઠી કાલ ? ૫૦

પંકજ જળ જેમ ભિન્ન રહે, તેમ રહે સમ્યક્ત્વવાન;
લિપ્ત ન થાય કર્મથી, આત્મ શ્રદ્ધાવાન. ૫૧.

બ્રહ્મચર્ય સબમેં બડા, સબ રત્નોકી ખાણ;
તીન લોકકી સંપદા, બ્રહ્મચર્યમેં માન. ૫૨.

પંથી સહુ ભવ પંથમાં, ભેળા થયા ભાગ્યે કરી;
કોઇ આજે કોઈ કાલે, એમ જશે સૌ વિખરી. ૫૩.

મધુ સંચય કરી મરી રહી, માખી કેવળ અજાણ;
ના દીધું ના ભોગવ્યું, નાહક ખોયો પ્રાણ. ૫૪.

રાગ દ્વેષ મળ ગાળવા, ઉપશમ રસ ઝીલો;
આતમ પરિણતિ આદરી, પરપરિણતિ પીલો. ૫૫.

કાયા મનોહર બંગલી, લૂંટાશે તારી માનવી;
સંધ્યા સમયના રંગ જેવી, જિંદગી આ જાણવી. ૫૬.

બાજી રચેલી તરંગની, મનમાં અધૂરી રહી જશે;
યમદૂત ગળચી પકડીને, નિશ્ચય નરકમાં લઈ જશે. ૫૭.

જો રાખે નરમાશ તો, કરે શત્રુમાં વાસ;
બત્રીશ દાંત વચ્ચે રહી, જીભે રાખી નરમાશ. ૫૮.

નારી દેહ દીવો કહ્યો, પુરૂષ પતંગી હોય;
જગ સઘળો ખૂંચી ગયો, નીકળે વિરલો કોય. ૫૯.

અક્ષર એકે ન આવડે, પણ અભિમાન અપાર;
જગમાં તેને જાણજો, સહુ મૂરખનો સરદાર. ૬૦

શું લઈ આવ્યા જગમાં, શું લઈ નીકળનાર;
બાંધી મૂઠી આવીઆ, ખાલી હાથ જનાર. ૭૦

લક્ષ્મી કોઇની થઈ નથી, થાશે નહિ કો દિન;
ધર્મ માર્ગે વાપર્યું, તે થાશે તુજ ધન. ૭૧.

કોડપતિ મૂકી ગયા, કોડી ન ગઈ તે સાથ;
હાથે તે સાથે થશે, મિથ્યા બીજું જાણ. ૭૨.

લોક કહે લખપતિ થયો, પણ શું પામ્યો ખેલ;
તુજ સાથે શું આવશે, તપાસ તારો મેળ. ૭૩.

ઉગે સોહી આથમે, ખીલે સો કરમાય;
ચણી આ દેવળ ગિર પડે, જન્મે સો મર જાય. ૭૪.

કોને ખબર કયારે ધમણ, આ ચાલતી અટકી જશે?
તેજસ્વી લોચનની કીકી, આ હાલતી અટકી જશે;

થંભી જશે જીહ્વા અને ધબકાર હૈયાનો અહો !
જેવું કર્યું તેવું પછી તો, જીવ પરભવમાં લહે. ૭૫.

કરે કષ્ટમાં પાડવા, દુર્જન કોડ ઉપાય;
પુણ્યવંતને તે સહુ, સુખના કારણ થાય. ૭૬.

જીતને તારે ગગનમેં, ઉતને શત્રુ હોય;
પુણ્ય હોય જો પાસમેં, બાલ ન વાંકો હોય. ૭૭.

ત્યાગ માર્ગની વાતો કરવી, ને વનીતા ભેગું વસવું;
દોનો વાત બને નહિ, લોટ ખાવો ને ભસવું. ૭૮.

બંધ સમયે ચિત્ત ચેતીયે, ઉદયે શો સંતાપ;
શોક વધે સંતાપથી, શોક નર્કની છાપ. ૭૯.

અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ;
જો સુખડ સળગાવીએ, આપે સરસ સુવાસ. ૮૦.

પીપળ પાન ખરંતા, હસતી કુંપળીયા;
હમ વીતી તુજ વીતશે, ધીરી બાપડીયા. ૮૧.

દો રંગી દુનિયા સદા, કરે નિંદ વખાણ;
સજ્જન તો માને નહિ, ચાલે સત્ય પ્રમાણ. ૮૨.

નિંદક કેરી આંખમાં, કમળા કેરો રોગ;
પીળું દેખે પરવેશે, રોગ તણો સંયોગ. ૮૩.

ભણતા પંડિત નીપજે, લખતાં લહીઓ થાય;
ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય. ૮૪.

માન મળે છે ગુણ વડે, ગુણ વિના માન ન હોય;
પોપટ પાળે પ્રીતથી, કાગ ન પાળે કોય. ૮૫.

મંગલ રંગ વધે પ્રભુધ્યાને પાપવેલી જાયે કરમાઈ;
શીતલતા પ્રગટે ઘટ અંતરમેં, મિટે મોહકી ગરમાઈ. ૮૬.
(પૂ. ઉપા. યશોવિજયજી મ.)

મરમ વચન બોલ્યા થકી, જિમ સજ્જન પ્રતિકૂળ;
તિમ તપ જપ સંજમક્રિયા, માયાએ થાયે ધૂળ. ૮૭.

પરની વાત કરે ઘણા, પાળે વિરલા કોક;
કેહનું ચૂએ આંગણું, કેહના ચૂએ નેવ. ૮૮.

મૂરખ જાણે મુજ વિના, ચાલે નહિ વ્યવહાર;
ગયા યુધિષ્ઠિર રામ નળ, પણ ચાલે સંસાર. ૮૯.